સુવિચાર

એક છાંટો ગેર–સમજણનો લાગણીનો
આખો બગીચો બાળી નાખે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




ધુળેટીની રાત રક્તરંજીત : નેપાળી યુવકની પથ્થરના ઘા ઝીંકી હત્યા P-4

Year-16, Issue-273 ■ DATE : 05-03-2026 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અમેરીકા-ઈરાનનું યુદ્ધ વધુ વિનાશક : પાંચ દિવસમાં ૧૧૪૫ના મોત





**મુખ્ય સમાચાર, ઈરાન**

અમેરિકા અને ઈઝરાયલના ભયાનક હુમલામાં ઈરાનની હાલત બદતરથી પણ ખરાબ થઈ ગઈ છે. અમેરિકાના બોમ્બર વિમાનો ઈરાનના અનેક ઠેકાણાઓ પર બોંબ વરસાવી રહ્યા છે, તો ઈઝરાયેલ પણ ડ્રોન અને મિસાઈલો ઝિંકીને ઈરાનને વેરવિખેર કરી રહ્યું છે.

## યુધ્ધ લાંબુ ચાલશે તો હજુ વધુ ભયાનક સ્થિતિ સર્જાશે : વૈશ્વિક - આરોગ્ય સંગઠનો ચિંતિત : ઈઝરાયેલ ડ્રોન અને મિસાઈલો ઝિંકીને ઈરાનને વેરવિખેર કર્યુ

આ યુદ્ધની અસર માત્ર ઈરાન પુરથી જ નથી, પરંતુ મધ્ય-પૂર્વના અનેક દેશો પર આ સંકટનો સામનો કરી રહ્યા છે. ઈરાન માત્ર ઈઝરાયલ પર જ નહીં તેની આસપાસના કતાર, સાઉદી અરેબિયા સહિતના દેશો પર પણ હુમલાઓ કરી રહ્યું છે.

સ્થાનિક આરોગ્ય સંગઠનોએ કહ્યું છે કે, છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલા આ યુદ્ધમાં નાગરિકો અને સૈનિકો સહિત ૧૧૪૫ લોકોના મોત થયા છે. સતત હુમલાઓના કારણે દિવસે ને દિવસે મોતનો આંકડો અને ઈજાગ્રસ્તોનો આંકડો વધી રહ્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ કહ્યું છે કે, હજુ ચારથી પાંચ અઠવાડિયા સુધી હુમલાઓ ચાલુ રહેશે. આ યુદ્ધમાં ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ અલી ખામેનેઈ અને પછી તેમની પત્ની મંસૂરેહ ખોજસ્તેહની મોત થયું છે. એટલું જ નહીં દેશના સંરક્ષણ મંત્રી સહિત અનેક ટોચના વડાઓ અને અધિકારીઓના એક પછી એક મોત થયા છે.

બીજી તરફ પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે સાઉદી અરેબિયાના પૂર્વ દરિયાકિનારા પર રાસ તનુરા ઓઈલ ટર્મિનલ પર ફરી એકવાર ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. આ ટર્મિનલની ગણતરી વિશ્વના સૌથી મોટા તેલ નિકાસ કેન્દ્રોમાં થાય છે અને તે વૈશ્વિક ઉર્જા પુરવઠામાં એક મહત્ત્વપૂર્ણ કડી છે. થોડા દિવસોમાં આ બીજી ઘટના છે, જેનાથી વૈશ્વિક ઉર્જા સુરક્ષા અંગે ચિંતાઓ વધી ગઈ છે.

ઈઝરાયલી સૈન્ય પ્રવક્તાએ દક્ષિણ લેબનાનના રહેવાસીઓને તાત્કાલિક ઘરો ખાલી કરી લિટની નદીની ઉત્તરે જવા આદેશ આપ્યો છે. હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર મોટા પાયે સૈન્ય કાર્યવાહી કરવાની તૈયારીના ભાગરૂપે આ ચેતવણી આપવામાં આવી છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૭/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૬/લીટર |
| CNG | રૂ. ૮૦.૬૦/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૬૩,૫૮૦ | ₹૨,૮૫,૦૦૦ |
| | -૯૮૦ | ૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૧.૬૩ | ₹૧૨૨.૨૨ |

## બાર કાઉન્સિલની ચૂંટણી પૂર્વે વડોદરા કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

વડોદરામાં દિવાળીપુરા સ્થિત કોર્ટ સંકુલને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર શહેરમાં સનસનાટી મચી ગઈ છે. ટૂંકા ગાળામાં બીજી વખત મળેલી આ ધમકીને પગલે પોલીસ તંત્ર અને સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ છે. સાવચેતીના પગલા રૂપે કોર્ટના તમામ એન્ટ્રી ગેટ બંધ કરી દેવામાં આવ્યા હતા અને વકીલો તેમજ અસીલોના પ્રવેશ પર રોક લગાવી દેવામાં આવી હતી. હાલ પૂરતું કોર્ટનું તમામ કામકાજ સ્થગિત કરી દેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી આવતીકાલે યોજાનાર છે તે પૂર્વે વડોદરા દિવાળીપુરા સ્થિત કોર્ટને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. તેમ જ તમામ કોર્ટ ખાલી કરાવી દેવામાં આવી છે. વડોદરા શહેરની વિવિધ શાળાઓ કોલેજ તેમજ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની અગાઉ ધમકીના પગલે પોલીસ દ્વારા વિવિધ ટીમો બનાવી ચેકિંગ હાથ ધર્યું હતું પરંતુ તે દિવસે કોઈપણ પ્રકારની સ્ફોટક સામગ્રી મળી આવી ન હતી. જેથી પોલીસ વિભાગે રાહતનો દમ લીધો હતો.

# મુખ્યમંત્રી નીતીશકુમાર આપશે રાજીનામું: બનશે રાજયસભાના સાંસદ

**મુખ્ય સમાચાર, પટણા**

હજુ ચાર માસ પુર્વે જ યોજાયેલી વિધાનસભા ચુંટણીમાં ૧૦મી વખત રાજયના મુખ્યમંત્રી તરીકે શપથ લેનાર જનતાદળ (યુ)ના વડા નીતીશકુમારના 'યુગ'નો અંત આવી રહ્યો છે તેવા સંકેત છે. પટણા અને દિલ્હીમાંથી મળતા સંકેત મુજબ નીતીશકુમાર આજે બિહારમાંથી રાજયસભા બેઠક માટે ઉમેદવારી નોંધાવશે.

તેઓની વિધિવત રીતે રાજયસભામાં બીનહરીફ વરણી બાદ તેઓ બિહારના મુખ્યમંત્રીપદેથી રાજીનામુ આપી ભાજપ માટે પ્રથમ વખત બિહારમાં મુખ્યમંત્રીનો માર્ગ નકકી કરશે. બિહારમાંથી આજે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતીન નબીન પણ રાજયસભા માટે ઉમેદવારી નોંધાવી રહ્યા છે અને



કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ પટણા પહોંચ્યા છે અને તેમના માર્ગદર્શન હેઠળ જ 'ઓપરેશન નીતીશ' રીતે પાર પાડશે તે નિશ્ચિત કરશે.

ગઈકાલ સાંજથીજ પટણામાં આ અંગે ગતિવિધિ શરૂ થઈ છે. વિધાનસભામાં સૌથી મોટા પક્ષ તરીકે ભાજપે પોતાનું સ્થાન નિશ્ચિત કર્યુ હતું પણ ચુંટણી સમયે આપેલા વચન મુજબ નીતીશકુમાર જ રાજયના મુખ્યમંત્રી તરીકે ફરી શાસન સંભાળ્યુ હતું પણ હવે ભાજપે રાજયસભા ચુંટણીની તક ઝડપી લીધી છે. નીતીશકુમારને કેન્દ્રીય મંત્રી બનાવીને બિહારમાં ભાજપના મુખ્યમંત્રી બની શકે છે.

બીજી તરફ નીતીશકુમારના પુત્ર નિશાંતકુમારને બિહાર સરકારમાં મંત્રી બનાવાશે અને ચર્ચા નાયબ મુખ્યમંત્રી પદ સુધીની છે. જો કે જનતાદળ (યુ) જેની પાસે ભાજપ કરતા ૩ જ બેઠક પાછી ધરાવે છે તે આ ફેરબદલ કેટલી માન્ય રાખે છે તેના પર નજર છે.

તો નીતીશના સ્થાને ભાજપ હાલના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અથવા કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાય કે દિલીપ જયસ્વાલ મુખ્યમંત્રી બની શકે છે તો જનતા દળ (યુ)ને બે નાયબ મુખ્યમંત્રીપદ આપી શકાય છે.

# આજે ભારત - ઈંગ્લેન્ડ વચ્ચે સેમીફાઈનલ મુકાબલો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ગુરુવારે T20 વર્લ્ડ કપની પહેલી સેમિફાઇનલ મેચ વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાશે, જ્યાં ભારત અને ઇંગ્લેન્ડ ફરી એકવાર નોકઆઉટ શ્રેણીમાં ટકરાશે. આ મેચ ફક્ત ફાઇનલમાં સ્થાન મેળવવા માટે નથી, પરંતુ પ્રતિસ્પર્ધામાં એક નવો અધ્યાય છે.

ભારત ચોક્કસપણે ૨૦૨૨ T20 વર્લ્ડ કપ સેમિફાઇનલ યાદ કરે છે, જ્યારે ઇંગ્લેન્ડે એકતરફી ૧૦ વિકેટથી વિજય મેળવ્યો હતો. ભારતે ૨૦૨૪ T20 વર્લ્ડ કપમાં તે જ ઇંગ્લેન્ડને હરાવીને આ કારમી હારનો બદલો લીધો, ફાઇનલમાં સ્થાન મેળવ્યું અને ટાઇટલ જીત્યું. ગુરુવારની મેચની વાત કરીએ તો, તે આશ્ચર્યજનક આંકડા કરતાં રણનીતિ, ગતિ નિયંત્રણ અને દબાણ સહનશીલતાની વધુ કસોટી હશે.

ચંદ્રગ્રહણને કારણે ભારતીય ક્રિકેટ ટીમે મંગળવારે સાંજના પ્રેક્ટિસ



મોડી શરૂ કરી. અભિષેક શર્માએ પરસેવો પાડ્યો. દૂર ફરતા બોલથી અભિષેકને થતી મુશ્કેલીને ધ્યાનમાં રાખીને, એક ઓફ સ્પિનરને બોલિંગ શરૂ કરવાનું કહેવામાં આવ્યું.

એક લેગ-સ્પિનર અને અર્શદીપ સિંહે પણ સાથે બોલિંગ કરી. લાંબા બેટિંગ સેશન પછી તિલક વર્માએ પણ અભિષેકને બોલિંગ કરી. વોર્મ-અપ દરમિયાન મુખ્ય કોચ ગૌતમ ગંભીર પણ હાજર હતા. ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ મોટાભાગની રેન્જ હિટિંગ કરી. તિલક કુલદીપ યાદવ સામે સ્લોગ સ્વીપનો ઉપયોગ કર્યો.

## યુદ્ધ અસર : ગેસની કટોકટીથી તોળાતો ભાવવધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈરાન સામે અમેરિકા અને ઈઝરાયેલના સૈન્ય આક્રમણથી ખાડીના દેશો પણ વોરઝોન બનતા જ ભારતની સૌથી મોટી ચિંતા ક્રુડતેલ અને એલએનજી સહિતની ગેસની સપ્લાયની બની છે તો બીજી તરફ આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રુડતેલ અને ગેસના ભાવ વધ્યા છે. શીપીંગ અને વિમા ખર્ચ પણ વધ્યા છે જેથી દેશમાં ગેસનો ભાવવધારો આવી શકે છે.

બીજી તરફ દેશની એલએનજીનો સૌથી વધુ ૪૦% પુરવઠો પુરો પાડતા કતરનું દુનિયાનું સૌથી મોટુ ગેસ ઉત્પાદન એકમ બંધ થતા ભારતને અહીથી મળતો પુરવઠો પુરી રીતે બંધ થયા છે. જેના કારણે દેશમાં ઔદ્યોગીકથી ઘરેલુ વપરાશના ગેસની મોટી તંગીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગુજરાતમાં ઔદ્યોગીક અને ઘરેલુ ગેસના સૌથી મોટા સપ્લાયર ગુજરાત ગેસ દ્વારા હવે ગેસની સપ્લાયમાં ફોર્સ મેન્યોર એટલે કે



કાનુની રીતે જોઈએ તો રાજક-દૈવક આવતીની નોટીસ ફટકારી છે. જેનો અર્થ એ છે કે કંપની જે ગેસ સપ્લાય કરે છે તેમાં તા.૬ માર્ચથી ઉપલબ્ધતા મુજબ સપ્લાય કરવામાં આવશે. જે મુજબ ગુજરાતમાં મોરબી સીરામીક એકમ જે આ ગેસનો સૌથી મોટો વપરાશકાર છે તેનો ૫૦% પુરવઠો અપાશે. ભારત દર વર્ષે ૨.૭ કરોડ ટન એમએનજીની આયાત કરે છે. જેમાં કતરનો ૪૦% હીસ્સો છે જે આગામી તા.૨થી છ માસ માટે હવે અનિશ્ચિતતા બની ગઈ છે. જો કે સરકારે ઘરેલું વપરાશ અને વાહનો માટે ડોમેસ્ટીક પીએનબી અને સીએનજીમાં હાલ કોઈ પુરવઠાની મર્યાદા મુકી નથી.

## હોળાષ્ટક પુરા થતા રાજયમાં ચૂંટણીના પડઘમ વાગવાનું શરૂ થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એક સપ્તાહ લાંબા હોળાષ્ટક પુરા થતાં હવે ગુજરાતમાં રાજકીય ગતિવિધિમાં ગરમી આવે તેવા સંકેત છે અને ખાસ કરીને આ સપ્તાહથી જ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે પ્રક્રિયાઓ શરુ થશે. રાજ્યમાં જે રીતે વર્તમાન ૬ ઉપરાંત નવી બનેલી મહાનગરપાલિકા અને ૩૧ જિલ્લા પંચાયતો તથા નગરપાલિકાઓની ચૂંટણીઓ ડ્યુ છે તેમાં અનેક ફેક્ટર પર સરકાર કામ કરી રહી છે.

રાજ્યમાં વિધાનસભાનું સત્ર ચાલુ છે અને હવે તે ૧૫ માર્ચના રોજ પુરું થશે પરંતુ માનવામાં આવે છે કે વિધાનસભાનું સત્ર પણ કદાચ થોડું ટૂંકાવીને વહેલી ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. ભાજપે હાલમાં જે રીતે સંગઠનની નવરચના લગભગ પુરી કરી છે અને મહાનગરોમાં પ્રભારીઓ પણ નિયુક્ત કરી દીધા છે તેથી હવે સંગઠનની પ્રક્રિયામાં ભાગ્યે જ કશુ કાંઈક કરવાનું રહેશે અને પક્ષ દ્વારા ચૂંટણીઓ માટેનો જે પ્રાથમિક માહોલ




છે તે પણ બનાવી લીધો છે.

ગાંધીનગરના સુત્રોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં જ ભાજપ મહાનગરપાલિકા સહિતના વિસ્તારોમાં ઉમેદવારોની પસંદગી માટે સેન્સની પ્રક્રિયાના નિરીક્ષકોની નિયુક્તિ અને તેમનો કાર્યક્રમ જાહેર કરી દેશે આ ઉપરાંત મતદારયાદીની કામગીરી પણ લગભગ પૂર્ણ થઈ ગઈ છે.

ખાસ કરીને નવી ચૂંટણીની જાહેરાતમાં અનેક શેડ્યુલોની ચિંતા કરાશે. રાજ્યમાં પ્રાથમિક અને માધ્યમીક શાળાઓની પરીક્ષાઓ ૯ એપ્રિલથી શરુ થનાર છે. જ્યારે એપ્રિલના પ્રથમ સપ્તાહમાં વસ્તી ગણતરીના પ્રાથમિક તબકકામાં જે ઘરોની ગણતરી શરુ થવાની છે તે પણ ચૂંટણી યોજવા માટે એક ફેક્ટર ગણાય છે.

જ્યારે રાજકીય રીતે જોઈએ તો કોંગ્રસ અને આમ આદમી પાર્ટીએ ઝંપલાવવાની તૈયારી કરી છે. કોંગ્રેસે તેના ઉમેદવાર માટે સેન્સ પ્રક્રિયા પણ શરૂ કરી છે. જ્યારે દિલ્હીમાં શરાબકાંડના ચુકાદા બાદ અરવિંદ કેજરીવાલ નવી તાકાતથી ગુજરાતમાં મેદાનમાં આવશે અને સાથોસાથ યુધ્ધના કારણે જે કાંઈ પરિસ્થિતિ ઉભી થઈ છે તે પણ હવે અસર શરુ કરશે અને મોંઘવારીની પણ ચિંતા આ માસના મધ્ય બાદ શરુ થશે.

આમ અનેક ફેક્ટર ભાજપે સંભાળવાના છે અને તે તમામ વચ્ચે ચૂંટણીઓમાં પક્ષ દ્વારા જરા પણ અધુરુ ન રહી જાય તે ચિંતા કરવાની છે. પક્ષનું સંગઠન પણ નવું છે અને પડકારો પણ નવા છે અને આથી ચૂંટણી વાતાવરણમાં જરા પણ કચાશ રહી ન જાય તે જોવાનું છે.

## ઈરાનના યુદ્ધ વચ્ચે ભારતને નહીં પડે તેલની તંગી : રશિયાએ સપ્લાયની ખાતરી આપી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયાનક જંગની સીધી અસર હવે તેલના પુરવઠા પર જોવા મળી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં તેલના ટેન્કરોની અવરજવર અટકી જતાં ભારત સહિત સમગ્ર વિશ્વમાં તેલ સંકટની આશંકા સેવાઈ રહી છે. ભારત તેની જરૂરિયાતનું લગભગ ૪૦% ક્રૂડ ઓઈલ આ જ રૂટ પરથી મેળવે છે, જે હવે બંધ જેવી સ્થિતિ-માં છે.

જો આ યુદ્ધ લાંબુ ખેંચાય તો મુશ્કેલી વધી શકે તેમ છે. આ મુશ્કેલ સમયમાં રશિયા ફરી એકવાર ભારતની વહારે આવ્યું છે. રશિયાએ



ભારતને તેલ સપ્લાય કરવાની ખાતરી આપી છે અને હાલમાં ભારતીય દરિયાઈ સીમાની નજીક જ જહાજોમાં આશરે ૯.૫ મિલિયન બેરલ રશિયન ક્રૂડ ઓઈલ હોવાના અહેવાલ છે, જે આગામી થોડા જ અઠવાડિયામાં ભારત પહોંચી શકે છે.

ભારતીય રિફાઈનરો દરરોજ લગભગ ૫.૬ મિલિયન બેરલ ક્રૂડ પ્રોસેસ કરે છે. હાલમાં ભારત પાસે અંદાજે ૨૫ દિવસનો તેલનો સ્ટોક ઉપલબ્ધ છે, પરંતુ સરકાર લાંબા ગાળાની વ્યૂહનીતિના ભાગરૂપે અન્ય વિકલ્પો પણ શોધી રહી છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાની મથકો પર કરાયેલા હુમલા બાદ સમુદ્રી માર્ગો જોખમી બન્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રશિયા ભારતની ક્રૂડની જરૂરિયાતના ૪૦% સુધી હિસ્સો પૂરો કરવા તૈયાર છે. જોકે, રશિયા પાસેથી તેલની આયાત વધારવાનો અંતિમ નિર્ણય અમેરિકા સાથે ચાલી રહેલી વ્યાપારી વાટાઘાટો અને સરકારના માર્ગદર્શન પર નિર્ભર રહેશે.

## યુધ્ધ સંકટના પગલે ભારતીયોની દુબઈમાં પ્રોપર્ટી ખરીદીમાં પીછેહઠ

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં સંકટ વચ્ચે ભારતીય અમીરોએ દુબઈના રિયલ એસ્ટેટથી હાલમાં અંતર રાખી દીધુ છે. ઘણા ભારતીય અમીરોએ દુબઈમાં પ્રોપર્ટી ખરીદેલી છે. નાઈટ ફ્રાન્કના મુજબ ૨૦૨૪માં દુબઈમાં થયેલા પ્રોપર્ટીના વેચાણમાં થયેલા પ્રોપર્ટીના વેચાણમાં ભારતીયોની ભાગીદારી ૬ ટકા હતી.

જે ૨૦૨૫માં ૧૦ ટકા થઈ ગઈ. યુએઈમાં પ્રોપર્ટી સાઉથ મુંબઈ અને ગુરૂગ્રામની તુલનામાં સસ્તી હોય છે. અને ત્યાં ભાડુ પણ સારૂ મળે છે. પરંતુ હાલમાં ઈરાને જે રીતે તબાહી મચાવી છે તેનાથી તેની એક સુરક્ષિત




ઠેકાણા તરીકે તેની છબી ખરાબ થઈ છે.

એક અહેવાલ મુજબ છેલ્લા અનેક વર્ષથી દુબઈમાં અનેક જાણીતા બિલ્ડર્સ ભારતીય ગ્રાહકોને ટાર્ગેટ કરી રહ્યા છે તેમાં એમાર ડેમેક સોભા, ડાન્યુબ, નખીલ અને દુબઈ હોલ્ડીંગ સામેલ છે. દુબઈમાં પ્રોપર્ટીની કિંમત ૨.૫થી ૩ કરોડ રૂપિયાથી શરૂ થાય છે અને તેનું સારૂ એવું ભાડુ પણ મળી જાય છે તે સાઉથ મુંબઈ અને ગુરૂગ્રામની તુલનામાં સસ્તુ છે. અનેક ભારતીય કંપનીઓએ પણ યુએઈમાં પોતાનો બિઝનેસ શરૂ કર્યો છે અને ત્યાં પ્રોજેકટ ડેવલપ કરી રહ્યા છે.

ફન્ડા મેન્ટલસ મજબૂત ડેન્યુબ ગ્રુપના ફાઉન્ખ અને ચેરમેન રિજવાન લાજન દુબઈને લઈને ગ્રાહકોની ચિંતાને ઝાઝુ મહત્વ નથી આપતા તેઓ કહે છે- હાલ રિયલ એસ્ટેટ માર્કેટમાં ફંડામેન્ટલ સ્ટ્રકચરલ શિફટથી વધુ સેન્ટીમેન્ટસનો વધુ પ્રભાવ જોવા મળી રહ્યો છે.

હાલ એ કહેવું મુશ્કેલ છે કે લાંબા સમયે તેની શું અસર થશે. આ પ્રકારના ઘટનાક્રમથી અસ્થાયી અનિશ્ચિતતા હોઈ શકે છે પરંતુ ઓવર ઓલ ફંડામેન્ટલ્સ મજબૂત બનેલા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીમાં ધુળેટીના દિવસે ડૂબી જવાના બે અને આગ લાગવાના એક બનાવમાં ફાયર ટીમ સ્ટેન્ડબાય



**મુખ્ય સમાચાર, મોરબી**

હોળી-ધુળેટીના પર્વ દરમિયાન મોરબી ફાયર વિભાગ સ્ટેન્ડબાય રહી સક્રિય કામગીરી કરી હતી. જેમાં હળવદ અને ઊંચી માંડલ પાસે કેનાલમાં ડૂબી જવાના બે અલગ અલગ બનાવોમાં હળવદ કેનાલમાંથી યુવકનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો, જ્યારે ઉંચી માંડલમાં કેનાલમાં રાજસ્થાની શ્રમિકની હજુ શોધખોળ ચાલુ છે. તેમજ લીલાપર સ્મશાન સામે મકાનમાં લાગેલી આગ પર સમયસર કાબુ મેળવી ગેસ સિલિન્ડર બહાર કાઢતા મોટી દુર્ઘટના ટળી હતી. ફાયર વિભાગે નાગરિકોને સાવચેતી રાખવા અનુરોધ કર્યો છે.

હોળી-ધુળેટીના દિવસે તહેવારની ઉજવણી વચ્ચે મોરબી ફાયર વિભાગ સતત સ્ટેન્ડબાય રહી વિવિધ ઈમરજન્સી કોલ પર તાત્કાલિક કામગીરી કરી હતી. જેમાં સવારે ૧૧.૫૦ કલાકે હળવદ તરફથી રેસ્કયૂ કોલ મળ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ હળવદના કણબીપરા વિસ્તારમાં રહેતા જયસુખભાઇ દિલાભાઈ પટેલ ઉંમર અંદાજે ૪૦-વર્ષ વનવગડો હોટલ પાછળની કેનાલમાં કોઈ કારણસર ડૂબી ગયા હતા. માહિતી મળતા જ ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ કેનાલના પાણીમાંથી મૃતદેહ બહાર કાઢ્યો હતો. ત્યારબાદ મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યારે બપોરે ૩.૨૧ કલાકે ૧૧૨ કંટ્રોલ રૂમ મારફતે ફાયર કંટ્રોલ રૂમ મોરબીને વધુ એક રેસ્કયૂ કોલ મળ્યો હતો કે ઉંચી માંડલ પાસે રાજસ્થાનના એક શ્રમિક વ્યક્તિ કેનાલમાં ડૂબી ગયા છે. જેથી મોરબી રેસ્કયૂ ટીમ હળવદ પહોંચ્યા બાદ ત્યાંથી ઉંચી માંડલ તરફ રવાના થઈ હતી. ટીમે સ્થળ પર પહોંચી કેનાલમાં રાજસ્થાની ભાઈની શોધખોળ શરૂ કરી હાલ હજુ શોધખોળ ચાલુ હોય. આ સિવાય સાંજે ૭.૪૦ વાગ્યે ૧૦૧ ફાયર કંટ્રોલ રૂમને લીલાપર સ્મશાન સામે એક મકાનમાં આગ લાગ્યાનો કોલ મળ્યો હતો. મોરબી ફાયર ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી લાઈટ કટ-ઓફ કરી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આગ દરમિયાન મકાનમાંથી ગેસ સિલિન્ડર સુરક્ષિત રીતે બહાર કાઢતા મોટી દુર્ઘટના થતા અટકાવી શકાઈ હતી.

આ સાથે ફાયર વિભાગે તહેવારો દરમિયાન નાગરિકોને ખાસ સાવચેતી રાખવા અપીલ કરી છે. ઘર બંધ કરીને બહાર જતાં પહેલાં ગેસ લાઇન અને ઇલેક્ટ્રિક સપ્લાય બંધ કરવાની સલાહ આપવામાં આવી છે, જેથી આગ જેવી અનિચ્છનીય ઘટનાઓ અટકાવી શકાય.

# મોરબી પત્રકાર એસોસિએશન અને જીલ્લા પોલીસ દ્વારા ધૂળેટી પર્વની ઉજવણી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ખાતે મોરબી પત્રકાર એસોસિએશન અને મોરબી જીલ્લા પોલીસ દ્વારા ધૂળેટી પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓના આવાસ ખાતે પત્રકારો અને પોલીસ કર્મચારીઓએ એકબીજાને રંગ-ગુલાલ લગાવી તહેવારની ખુશી વહેંચી હતી.

ધૂળેટીના પવિત્ર પર્વ નિમિત્તે મોરબી જીલ્લામાં ઠેરઠેર રંગોત્સવનો ઉમંગ જોવા મળ્યો હતો. આ અવસરે મોરબી જીલ્લા પોલીસ અને મોરબી પત્રકાર એસોસિએશન દ્વારા સંયુક્ત રીતે રંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મોરબીમાં પોલીસ અધિકારીઓના આવાસ ખાતે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે પત્રકારોએ રંગ-ગુલાલથી એકબીજાને રંગી તહેવારનો આનંદ માણ્યો હતો. આ અવસરે પરસ્પર શુભેચ્છા પાઠવી સ્નેહ અને સોહાર્દપૂર્ણ સંબંધોને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.




કાર્યક્રમમાં મોરબી પત્રકાર એસોસિએશનના પ્રમુખ રવિભાઈ ભડાણીયા, પૂર્વ પ્રમુખ સુરેશભાઈ ગોસ્વામી, ઋષીભાઈ મહેતા, રાકેશભાઈ પંડ્યા સહિતના પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ પરિવાર સાથે ઉમંગભર્યા માહોલમાં ઉજવાયેલ આ રંગોત્સવે પરસ્પર વિશ્વાસ અને સહકારની ભાવનાને વધુ ગાઢ બનાવતી એક યાદગાર ક્ષણ સર્જી હતી.

# જામનગરમાં રંગોના પર્વ એવા ધુળેટીની ઉમંગ ઉત્સાહભેર ઉજવણી



જામનગર શહેરના જુદા જુદા વિસ્તારોમાં રંગો સાથે ઘેરૈયાઓ સૌને રંગો વડે રંગતા જોવા મળ્યા હતા. વિવિધ ગ્રુપમાં રંગપ્રેમી શોખીનોએ મ્યુઝિક સાથે પરિવાર ધુળેટી પર્વની મોજ માણી હતી

# મોરબીમાં કબીર ટેકરીના રહેણાંકમાંથી જુગારની ક્લબ ઝડપાઈ, ૧૮ જુગારીઓ રૂ.૬.૧૫ લાખના મુદ્દામાલ સાથે પકડાયા

## સીટી એ ડિવિઝન પોલીસની રેઈડમાં રોકડા રૂ.૨.૧૫ લાખ અને ૮ મોટરસાયકલ સહિતનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા પૂર્વ બાતમીના આધારે કબીર ટેકરી શેરી નં.૫ ખાતે દરોડો પાડી રહેણાંક મકાનમાંથી જુગારની ક્લબ ઝડપી પાડવામાં આવી હતી. પોલીસે મકાન માલિક સહિત ૧૮ જુગારીઓને રોકડા રૂ.૨.૧૫ લાખ, ૮ મોટરસાયકલ અને જુગારના સાધનો સહિત કુલ રૂ.૬.૧૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

મોરબી શહેરમાં સીટી એ ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળી કે, કબીર ટેકરી વિસ્તારમાં શેરી નં.૫ ખાતે આરોપી કિશન અગેચણીયા પોતાના ઘરમાં બહારથી માણસો બોલાવી જુગારના સાધનો પૂરા પાડી વ્યક્તિગત ફાયદા માટે નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતો હોય જેથી સીટી એ ડિવિઝન પોલીસે રહેણાંક મકાનમાં રેઈડ કરી હતી. દરોડા દરમિયાન મકાનમાં ગંજીપત્તાના પાના વડે ચિત્રો ધરાવતા પોસ્ટર ઉપર ''અંદર-બહાર''નો જુગાર રમતા મકાન માલીક સહિત ૧૮ જુગારીઓને ઝડપી લેવામાં આવ્યા હતા.

જેમાં ૧-કિશનભાઈ નરશીભાઈ અગેચણીયા ઉવ.૩૪ રહે.મોરબી કબીર ટેકરી શેરી નં.૫, ૨-મિલનભાઈ નરશીભાઈ અગેચણીયા ઉવ.૨૭ રહે.મોરબી કબીર ટેકરી શેરી નં.૫, ૩-સુનિલભાઈ જગદીશભાઈ સનારીયા ઉવ.૩૨ રહે.મોરબી કેનાલ રોડ ગોકુલ-મથુરા પૃથ્વી એપાર્ટમેન્ટ બ્લોક નં.૨૦૨, ૪-જીગરભાઈ વ્રજલાલ દસાડીયા ઉવ.૩૭ રહે.મોરબી ગ્રીન ચોક દફતરી શેરી, ૫-પરાગભાઈ ભાગવતભાઈ પંચાસરા ઉવ.૪૪ રહે.રાજકોટ કોઠારીયા હુડકો ખોડીયાર હોટલ પાસે, ૬-આકાશભાઈ સુરેશભાઈ માંડવીયા ઉવ.૩૩ રહે.મોરબી ગ્રીન ચોક પારેખ શેરી, ૭-દિલીપભાઈ રજનીકાંતભાઈ મહેતા ઉવ.૬૩ રહે.મોરબી ગ્રીનચોક મોચી શેરી, ૮-વિશાલભાઈ પ્રફુલભાઈ મહેતા ઉવ.૩૧ રહે.મોરબી ગ્રીનચોક દફતરી શેરી, ૯-વિશાલભાઈ રાજેશભાઈ રાજદેવ ઉવ.૩૨ રહે.મોરબી ગ્રીનચોક દફતરી શેરી, ૧૦-રવીરાજભાઈ દિનેશભાઈ પારેખ ઉવ.૩૩ રહે.મોરબી ગ્રીનચોક, ૧૧-જીતેન્દ્રભાઈ રમેશભાઈ વાળા ઉવ.૩૫ રહે.મોરબી ગ્રીનચોક દફતરી, ૧૨-અજયભાઈ શામળદાસ કાગડા ઉવ.૪૫ રહે.મોરબી ગ્રીનચોક કંસારા શેરી, ૧૩-કૌશલભાઈ પ્રફુલભાઈ ખીલોશીયા ઉવ.૨૯ રહે.મોરબી ગ્રીનચોક પારેખ શેરી, ૧૪-કલ્પેશભાઈ જગદીશભાઈ સોલંકી ઉવ.૩૦ રહે.મોરબી ગ્રીનચોક કંસારા શેરી, ૧૫-રાજદીપસિંહ કિશોરસિંહ જાડેજા ઉવ.૩૪ રહે.મોરબી મહેન્દ્રપરા શેરી નં.૧૯, ૧૬-દેવાંગભાઈ મહેન્દ્રભાઈ મહેતા ઉવ.૫૦ રહે.મોરબી ગ્રીનચોક કંસારા શેરી, ૧૭-મૌલીકભાઈ વિજયભાઈ રાણપરા ઉવ.૩૨ રહે.મોરબી ગ્રીનચોક મોદી શેરી તથા ૧૮-ધીમલભાઈ હર્ષદભાઈ ગોસાઈ ઉવ.૩૬ રહે.મોરબી ગ્રીનચોક દફતરી શેરી વાળાને ઝડપી લેવામાં આવ્યા હતા.

આ સાથે પોલીસે સ્થળ પરથી ગંજીપત્તાના પાના નંગ-૫૨, ગંજીપત્તાના પેકેટ નંગ-૧૦, ચિત્રો વાળું પોસ્ટર તેમજ રોકડા રૂ.૨,૧૫,૨૫૦/- કબજે કર્યા હતા. ઉપરાંત સ્થળ પરથી ૮ મોટરસાયકલ કિ.રૂ. રૂ.૪,૦૦,૦૦૦/- સહિત કુલ રૂ.૬,૧૫,૨૫૦/-નો મુદ્દામાલ પોલીસે કબ્જે કરી તમામ જુગારીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર શહેર અને વોર્ડ ભાજપ પ્રભારીઓની નિમણૂંક

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને અનુલક્ષીને જામનગર શહેર પ્રભારી અને વોર્ડ પ્રભારીઓની નવનિયુક્તિ કરવામાં આવી છે, અને નવા હોદેદારોને ભાજપ સંગઠન દ્વારા આવકારવામાં આવી રહ્યા છે.ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા દ્વારા ભારતીય જનતા પાર્ટી જામનગર શહેર સંગઠનના પ્રભારી તરીકે ધનસુખભાઈ ભંડેરીની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટી શહેર અધ્યક્ષ બીનાબેન કોઠારી દ્વારા જામનગર શહેરના ૧૬ વોર્ડના સંગઠન



પ્રભારીઓની નિમણૂક કરવામાં આવેલ છે. જેમાં વોર્ડ નં. ૧.સંજયભાઈ મકવાણા, વોર્ડ ૨. વિજયસિંહ ગોહિલ, વોર્ડ ૩- દિનેશ ગજરા, વોર્ડ નં.૪.ભાવિશાબેન ધોળકિયા, વોર્ડ નં.૫-મિલન વજાણી, વોર્ડ ૬.સંજય દાઉદિયા, વોર્ડ ૭. પ્રજ્ઞેશ ભટ્ટ, વોર્ડ નં.૮. પરસોત્તમ કકનાણી, વોર્ડ નં.૯. મેઘાભાઈ કાંબરિયા, વોર્ડ ૧૦. નીતિન સોલાણી, વોર્ડ નં.૧૧. ભરતસિંહ જાડેજા, વોર્ડ નં.૧૨. ભાવેશ કોઠારી, વોર્ડ નં.૧૩. હિરેન તખ્તાણી, વોર્ડ નં.૧૪.મુકેશ વસોયા, વોર્ડ નં.૧૫ મનિષ કનખરા, વોર્ડ નં.૧૬.નરભેરામ ડાકાની નિમણૂંક કરવામાં આવી છે.આ નિમણૂંકને સતાધારી પક્ષના રાજકિય નેતા તેમજ પદાધિકારીઓ તેમજ કાર્યકર્તાઓ, કોર્પોરેટરો સહિતનાઓને શહેર સંગઠન પ્રભારી તથા વોર્ડ પ્રભારીઓની નિમણુંકને આવકારવામાં આવી છે.

# માળીયા(મી)ના ચીખલી ગામ નજીકથી દેશી દારૂની બંધ ભઠ્ઠી સહિત દેશી દારૂનો જંગી જથ્થો પકડાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી)ના ચીખલી ગામની સીમમા કરાડીયા વિસ્તારમા દેશી દારૂની ભઠ્ઠી ચાલુ હોય તેવી બાતમીને આધારે માળીયા(મી) પોલીસ ટીમ દ્વારા રેઈડ કરતા, જ્યાંથી દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો ૨૮૦૦ લીટર તેમજ ૨૦૦ લીટર દેશી દારૂ તથા દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેતા બોલેરો ગાડી સહિત ૪.૧૦ લાખનો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો છે.

માળીયા(મી) પોલીસ મથકની સર્વેલન્સ ટીમે બાતમીના આધારે ચીખલી ગામની સીમમા આવેલ કરાડીયા વિસ્તારમાથી દેશીદારૂ લીટર ૨૦૦ તથા દેશીદારૂ બનાવવાનો આથો લીટર ૨૮૦૦ તથા બોલેરો પીકઅપ ગાડી રજી.નં. જીજે-૧૧-વીવી-૫૬૯૫ કી.રૂ.૩,૦૦,૦૦૦/-મળી કુલ કિં.રૂ.૪,૧૦,૦૦૦/- નો મુદામાલ પકડી આરોપી કાસમભાઇ અબ્દુલભાઇ સામતાણી રહે.ચીખલી તા.માળીયા(મી) વાળા વિરૂદ્ધ પ્રોહીબીશન હેઠળ ગુન્હો રજી. કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# પ્રેમ, સમરસતા અને માનવતાના રંગોથી યંગ ઈન્ડિયા ગ્રુપે વૃદ્ધાશ્રમમાં મનાવ્યો અનોખો રંગોત્સવ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતા યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા રંગોત્સવની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. વિકાસ વિદ્યાલયના બાળકો અને વૃદ્ધાશ્રમના વડીલો સાથે રંગે રમી, મીઠાઈ વિતરણ કરી અને સ્નેહભર્યા પળો વહેંચી તહેવારને માનવતાના રંગોથી ભારોભાર બનાવાયો હતો.

ભારતીય સંસ્કૃતિ મુજબ રંગોત્સવ માત્ર રંગોની છંટકાવ સુધી સીમિત નથી, પરંતુ સ્નેહ, સમરસતા અને આત્મીયતાના બંધનોને મજબૂત કરવાનો પર્વ છે. આ ભાવનાને સાકાર કરતા મોરબીના યંગ ઈન્ડિયા ગ્રુપે વિકાસ વિદ્યાલયના બાળકો અને વૃદ્ધાશ્રમના વડીલો સાથે રંગોત્સવ ઉજવી અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ગ્રુપના સભ્યો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં રહેતા ખાસ કરીને ખુશીઓથી વંચિત બાળકોને કલર, પિચકારી, ખજૂર અને મીઠાઈના બોક્સ આપી તેમને તહેવારની ખુશીમાં જોડવામાં આવ્યા હતા. રંગો અને સ્નેહના સ્પર્શથી બાળકોના ચહેરા પર ખીલેલા સ્મિતે સૌને ભાવવિભોર કરી દીધા હતા. વિકાસ વિદ્યાલયની બાળાઓ સાથે પણ રંગોત્સવની ખુશી વહેંચવામાં આવી હતી. રમૂજી માહોલ વચ્ચે રંગો ફક્ત ચહેરા પર નહીં પરંતુ હૃદયોમાં પણ ભળ્યા હોય તેવી લાગણીસભર ક્ષણો સર્જાઈ હતી. વિશેષરૂપે વૃદ્ધાશ્રમના વડીલો સાથે હોળીના રંગો રમી તહેવાર ઉજવવામાં આવ્યો હતો. જીવનના સાંજના પડાવે એકાંત અનુભવનારા વડીલો જ્યારે યુવાનો સાથે જોડાયા ત્યારે તેમના ચહેરા પર પ્રસન્નતાનો અજોડ તેજ ઝળક્યો હતો.




યંગ ઈન્ડિયા ગ્રુપના મેન્ટોર ડૉ. દેવેન રબારીએ જણાવ્યું હતું કે રંગોત્સવ જીવનમાંથી કામ, ક્રોધ, લાલચ અને દ્વેષ જેવા દુર્ગુણોને દૂર કરી પ્રેમ, મૈત્રી અને સદભાવના વધારવાનો સંદેશ આપે છે. સમાજસેવાની ભાવનાથી દરેક તહેવાર ઉજવવાનો ગ્રુપનો સંકલ્પ હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ કાર્યક્રમ દ્વારા માનવતા, કરુણા અને પ્રેમના સાચા રંગો દરેક હૃદય સુધી પહોંચે તેવો પ્રેરણાદાયક સંદેશ સમાજને આપવામાં આવ્યો હતો.

# મેઘપર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા મૃતદેહ અંગે બનાવ નોંધવામાં આવ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મેઘપર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા મૃતદેહ અંગે એક બનાવ નોંધવામાં આવ્યો છે. જોગવડ ગામની સીમમાં આવેલી જામ ધર્માદા ટ્રસ્ટની પડતર જમીન પરથી એક અજાણ્યા પુરુષનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો.આ ઘટના કોઈ પણ સમયે બની હોવાનું મનાય છે. અવાવરુ જગ્યામાં ઝાડી-ઝાખરમાંથી આ મૃતદેહ મળ્યો હતો.મેઘપર પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે, પરંતુ આજદિન સુધી મૃતકની ઓળખ થઈ શકી નથી. મરણ પામનાર પુરુષની ઉંમર આશરે ૩૫ થી ૪૫ વર્ષની હોવાનું અનુમાન છે.મૃતકના શરીર પર કોફી કલરનું આખી બાયનું શર્ટ, કાળા રંગનું પેન્ટ, અને કાળા રંગનું જેકેટ પહેરેલું હતું.મેઘપર પોલીસ દ્વારા મૃતકના ફોટોગ્રાફ અને વર્ણનના આધારે તેના વાલી-વારસ અથવા ઓળખ ધરાવતા વ્યક્તિઓને શોધવા માટે જાહેર અપીલ કરવામાં આવી છે. આ અંગે કોઈ પણ માહિતી હોય તો તાત્કાલિક મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી કરાઈ છે.

# ધ્રોલ પંથકમાં વૃદ્ધ દંપતીનો સજોડે આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના વાંકિયા ગામેથી એક અત્યંત કરુણ સમાચાર સામે આવ્યા છે. લાંબા સમયથી ગંભીર શારીરિક અને માનસિક બીમારીઓ સામે ઝઝૂમી રહેલા એક વૃદ્ધ દંપતીએ બીમારીની પીડાથી કંટાળીને ઝેરી ટીકડા ખાઈ જીવન ટૂંકાવ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર ગ્રામ્ય પંથકમાં ભારે ગમગીની અને અરેરાટી વ્યાપી ગઈ છે.વાંકિયા ગામમાં રહેતા ૭૦ વર્ષીય દામજીભાઈ મૂળજીભાઈ ભીમાણી અને તેમના પત્ની ૬૮ વર્ષીય મનુબેન દામજીભાઈ ભીમાણી ઘણા સમયથી બીમાર રહેતા હતા. શારીરિક અને માનસિક વ્યાધિઓના કારણે તેઓ સતત પીડામાં હતા. ગત ૨ માર્ચના રોજ, બીમારીની અસહ્ય યાતનાઓથી મુક્તિ મેળવવા માટે આ દંપતીએ પોતાના ઘરે ઘઉંમાં રાખવાના ઝેરી ટીકડા ગળી લીધા હતા.ઝેરની અસર થતા જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર અર્થે ધ્રોલની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા સુધીમાં ખૂબ મોડું થઈ ગયું હતું અને ફરજ પરના તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતા.પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો વધુ હૃદયસ્પર્શી છે. મૃતક દંપતીના પુત્ર મગનભાઈ અને તેમની પુત્રવધૂ બંને મૂકબધિર બોલી કે સાંભળી શકતા નથી છે. વૃદ્ધ દંપતીએ અગાઉ પણ જીવન ટૂંકાવવા માટે નિષ્ફળ પ્રયાસો કર્યા હતા. દામજીભાઈએ એકવાર ચાલુ રિક્ષ-ામાંથી કૂદકો માર્યો હતો, જ્યારે મનુબેને પણ આપઘાતનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તે સમયે તેઓ બચી ગયા હતા.પોલીસ કાર્યવાહી.આ બનાવ અંગે મૃતકના પૌત્ર મયંકભાઈ મગનભાઈ ભીમાણીએ પોલીસને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ધ્રોલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.કે. દલસાણીયા હોસ્પિટલ દોડી ગયા હતા. પોલીસે બંને મૃતદેહોનો કબજો મેળવી પોસ્ટમોર્ટમની પ્રક્રિયા હાથ ધરી હતી અને પૌત્રનું નિવેદન નોંધી અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો છે.

# મકનસર ગામે યુવતીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકામાં આવેલા મકનસર ગામે એક યુવતીએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાની દુઃખદ ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ રીયાબેન બિપીનભાઈ પાડે રહે. મકનસર ગામ વાળી દ્વારા ગઈકાલ તા. ૦૩/૦૩/૨૦૨૬ના રોજ પોતાના રહેણાંકમાં અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. બનાવની જાણ થતા પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સરકારી હોસ્પિટલ મોરબી ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃત્યુના બનાવ અંગે તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી મનપાએ મુખ્યમંત્રી આવાસ યોજનાના ૩૩૬ લાભાર્થીઓના આવાસ રદ્દ કર્યા

## નિયમભંગ કરનાર સામે કાર્યવાહી, નવી ફાળવણી પ્રક્રિયા હાથ ધરાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લીલાપર રોડ પર સર્વે નં. ૧૧૧૬ ખાતે નિર્માણ થયેલ મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત ૪૦૦માંથી ૩૩૬ લાભાર્થીઓના આવાસ રદ્દ કરવામાં આવ્યા છે. નિયત સમયમર્યાદામાં સંપૂર્ણ રકમ ન ભરવી, આવાસનો કાયમી ઉપયોગ ન કરવો અથવા અન્ય વ્યક્તિ દ્વારા ઉપયોગ કરવાના કારણે સક્ષમ કક્ષાએથી કાર્યવાહી કરવામાં આવી છે. રદ્દ થયેલ આવાસોની યાદી જાહેર કરવામાં આવી છે. મોરબી મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ લીલાપર રોડ ઉપર સર્વે નં. ૧૧૧૬ની જગ્યામાં નિર્મિત ૪૦૦ આવાસો માટે તા. ૩૦-૦૧-૨૦૧૭ના રોજ કોમ્પ્યુટર આધારિત ડ્રો યોજાયો હતો. ડ્રોમાં સફળ થયેલ ૪૦૦ લાભાર્થીઓમાંથી ૩૩૬ લાભાર્થીઓ યોજનાના નિયમો અને શરતો મુજબ નિયત થયેલ સંપૂર્ણ રકમ સમયસર ભરવામાં નિષ્ફળ રહ્યા હતા. તે ઉપરાંત કેટલાક લાભાર્થીઓએ સોંપાયેલ આવાસનો કાયમી ઉપયોગ કર્યો ન હોવા કે ફાળવેલ આવાસનો ઉપયોગ અન્ય આસામી દ્વારા કરવામાં આવતો હોવાના તથ્યો સામે આવતા સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા ૩૩૬ આવાસ રદ્દ કરવાનો નિર્ણય લેવાયો છે. રદ્દ કરાયેલા આવાસોને પરત મેળવી મોરબી મહાનગરપાલિકા દ્વારા નવી અરજીઓ મંગાવી પુનઃફાળવણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. રદ્દ કરાયેલા લાભાર્થીઓના મૂળ સરનામા અધૂરા હોવાથી વ્યક્તિગત ટપાલ મોકલવી શક્ય ન હોવાથી લીલાપર રોડ સ્થિત આવાસ યોજના સાઇટ ઉપર બિલ્ડિંગ મુજબ ફાળવેલ સરનામે યાદી ચોંટાડવામાં આવી છે. આ ઉપરાંત મહાનગરપાલિકા કચેરીના નોટિસ બોર્ડ ઉપર પણ યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. તા. ૦૩-૦૩-૨૦૨૬ થી તા. ૧૩-૦૩-૨૦૨૬ દરમ્યાન કચેરી સમય દરમિયાન યાદી જોઈ શકાશે. શકાય છે. જે બાબતે લીલાપર રોડ ઉપર આવેલ મુખ્યમંત્રી આવાસ યોજનાના સંબંધિત લાભાર્થીઓએ નોંધ લેવા મોરબી મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબીમાં શ્રી ધક્કાવાળી મેલડી માં ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવમો સમૂહલગ્ન યોજાશે

## ૨૧ દીકરીઓ પ્રભુતામાં પગલાં માંડશે, અનાથ અને ગરીબ પરિવારોને પ્રથમ પ્રાથમિકતા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના નવલખી રોડ પર રેલવે સ્ટેશન પાસે આવેલ શ્રી ધક્કાવાળી મેલડી માતાજી મંદિર ખાતે તા. ૨૭-૦૪-૨૦૨૬, સોમવારે નવમો સમૂહલગ્ન યોજાશે. આ સમૂહલગ્નમાં હિન્દૂ સમાજની ૨૧ દીકરીઓ લગ્નગ્રંથીમાં જોડાશે. ફોર્મ તા. ૧૦-૦૩-૨૦૨૬ સુધી સાંજે ૪ થી ૬ દરમિયાન મંદિરે મળશે. માતા અથવા પિતા ગુમાવેલ તથા ગરીબ પરિવારની દીકરીઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે.



મોરબીના નવલખી રોડ પર રેલવે સ્ટેશન નજીક આસ્થા અને શ્રદ્ધાના પ્રતિક સમાન શ્રી ધક્કાવાળી મેલડી માતાજી મંદિર દ્વારા દર વર્ષે સમૂહલગ્નનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે શ્રી ધક્કાવાળી મેલડી માં ચેરીટેબલ ટ્રસ્ટ, મોરબી દ્વારા નવમો સમૂહલગ્ન તા. ૨૭ એપ્રિલ ૨૦૨૬, સોમવારે ભવ્ય રીતે યોજાનાર છે. આ સમૂહલગ્નમાં હિન્દૂ સમાજની કુલ ૨૧ દીકરીઓ લગ્ન જીવનની નવી શરૂઆત કરશે. સમાજમાં આર્થિક રીતે નબળા વર્ગને સહાયરૂપ થવા માટે ટ્રસ્ટ દ્વારા આ સેવાકીય પહેલ હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને માતા અથવા પિતા ગુમાવેલ તેમજ ગરીબ પરિવારોની દીકરીઓને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે.

સમૂહલગ્નમાં જોડાવા ઈચ્છુકોએ તા. ૧૦-૦૩-૨૦૨૬ સુધીમાં સાંજે ૪ થી ૬ વાગ્યા દરમિયાન મંદિરે સંપર્ક કરી ફોર્મ મેળવી લેવાનું રહેશે. આ ઉપરાંત સમૂહલગ્નમાં દાન અથવા સહયોગ આપવા ઈચ્છુક દાતાશ્રીઓ ટ્રસ્ટી ધનુભા જાડેજા મો. ૯૭૨૬૨ ૨૮૨૦૨, વિનુભાઈ ડાંગર મો. ૯૮૨૫૯ ૧૩૬૧૫, શૈલેષભાઈ જાની મો. ૯૫૭૪૫ ૩૬૫૦૫ તેમજ ધીરુભા જાડેજા, કિશોરભાઈ અગ્રાવત, રમેશભાઈ સાણંદિયા અને ભાવેશભાઈ મહેતાનો સંપર્ક કરી શકે છે.

# શ્રી મોઢ વણિક સમાજ-રાજકોટ દ્વારા નિઃશુલ્ક મેડિકલ નિદાન કેમ્પનું આયોજન

### સ્વસ્થ સમાજ સમૃદ્ધ સમાજ તરફનું એક મહત્વપૂર્ણ પગલું




**મુખ્ય સમાચાર, રાજકોટ**

જ્ઞાતિજનોના આરોગ્યના રખોપા મોઢવણિક સમાજ દ્વારા યોજાયો મેડિકલ ટેસ્ટ કેમ્પવિવિધ ક્ષેત્રના ૧૬ નિષ્ણાંત તબીબોની સેવાનો લાભ લેતા ૨૭૦થી વધુ જ્ઞાતિજનો ''પહેલું સુખ તે જો નર્યા' તે પંકિતને ઉજાગર કરતા જ્ઞાતિજનોના આરોગ્યના રખોપાના ઉમદા આશ્રય સાથે શ્રી મોઢ વણિક સમાજ રાજકોટ દ્વારા તા. ૧ માર્ચ ૨૦૨૬ ના રોજ વિવિધ પ્રકારના મેડિકલ ટેસ્ટ ના નિઃશુલ્ક નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પનો સમય સવારે ૯:૩૦ થી બપોરે ૧ વાગ્યા સુધીનો રાખવામાં આવેલ હતો. આ કેમ્પ શ્રી મોઢ વણિક મહિલા છાત્રાલય, નુતન નગર માં રાખવામાં આવેલ હતો. જેમાં ૧૬ નિષ્ણાંત તબીબોની સેવાનો લાભ ૨૭૦થી વધુ જ્ઞાતિજનો દ્વારા લેવામાં આવ્યો હતો.

મોઢ વણિક સમાજ આયોજીત મેડીકલ ટેસ્ટ કેમ્પમાં ડૉ. દીપાબેન મણીયાર (પ્રશુતિ તથા સ્ત્રી રોગના નિષ્ણાંત), ડૉ. નિરજ મહેતા (પલ્મોનોલોજી અને એલર્જી ના નિષ્ણાંત), ડૉ. નિમિષ પરીખ તથા ડૉ. હિરલ પરીખ (ડેન્ટલ સર્જન), ડૉ. હેતલભાઈ બખાઈ (મોતિયો તથા રીફેક્ટીવ સર્જન), ડૉ. ધર્મેશ બી. મણીયાર (માનસીક રોગ, મગજ, બાળમાનસ રોગો તથા વ્યસન મુક્તિ ના નિષ્ણાંત), ડૉ. નિરવ મહેતા (હૃદય રોગ ના નિષ્ણાંત), ડૉ. જુહિ મણીયાર (ઇ.એન.ટી. સર્જન), ડૉ. હિરવીતા મણીયાર તલસાણિયા (રૂટ કેનાલના સ્પેશ્યાલિસ્ટ), ડૉ. તપન પારેખ (એન્ડોકિનોલોજીસ્ટ અને ડાયાબિટોલોજીસ્ટ), ડૉ. ધ્રમિત ઘોડાસરા (ચામડીના રોગના નિષ્ણાંત), ડૉ. મિહિર તેજુરા (ઓર્થોપેડિક), ડૉ. પ્રીતિ સીધ્ધપરા પારેખ (દાંત, ચામડી તથા વાળના નિષ્ણાંત), ડૉ. અભિષેક શેઠ (હોમિયોપેથીક અને ફેમીલી ફિઝિશિયન), ડૉ. ઉત્સવ શાહ (એમ.ડી. મેડીસીન), ડૉ. દિક્ષીતા ચૌહાણ (બી.એ. એમ.એસ.)

આ તમામ ડોક્ટરો એ નિઃશુલ્ક સેવા આપેલ હતી તથા ઉપસ્થીત ડોકટરોનું સમાજ દ્વારા શિલ્ડ થી બહુમાન કરેલ હતું. આ નિદાન કેમ્પમાં બ્લડ પ્રેશર, બ્લડ સુગર, હીમોગ્લોબીન, થાઈરોડ, હાડકાની ઘનતા માપવાના વગેરે જેવા ટેસ્ટીંગ ઉપલબ્ધ હતા.

અંદાજીત ૨૭૦ થી વધુ જ્ઞાતીજનોએ આ નિઃશુલ્ક મેડીકલ કેમ્પનો લાભ લીધેલ હતો. આ કાર્યક્રમાં જ્ઞાતીના શ્રેષ્ઠીઓએ શુભેચ્છા મૂલામત લીધી હતી. આ મેડીકલ કેમ્પને સફળ બનાવવા માટે મોઢવણિક સમાજના પ્રમુખ ધર્મેશભાઈ શેઠ, મહામંત્રી ડૉ. અતુલભાઈ વોરા, ઉપરાંત ટ્રસ્ટી મંડળના સભ્યો નીતીનભાઈ મણીયાર, સંજયભાઈ મણીયાર, અતુલભાઈ પારેખ, મહેન્દ્રભાઈ ગાંધી, શ્રેયાંસભાઈ મહેતા, યોગેશભાઈ પારેખ, કેતનભાઈ વોરા, ધીરેન્દ્રભાઈ મહેતા, આશિષભાઈ મહેતા, અમિતભાઈ પટેલ, ચંદ્રકાંતભાઈ મહેતા, જયેશભાઈ ગાંધી, દિપકભાઈ મહેતા, રસીકભાઈ વોરા, દિપેશભાઈ પારેખ, જયેન્દ્રભાઈ પારેખ, રોહિતભાઈ શાહ, દોલતભાઈ દોશી અને હિતભાઈ શેઠ જહેમત ઉઠાવી હતી.

# ગૌ આધારિત 'બ્રાઉન રિવોલ્યુશન'નો વૈશ્વિક શંખનાદ તા.૨૦થી ૨૩ માર્ચ પુના ખાતે 'ગૌ ટેક ૨૦૨૬'

## ૫ લાખથી વધુ મુલાકાતીઓ, ૩૦૦થી વધુ સ્ટોલ અને વિદેશી રોકાણ સંવાદ ગૌ ટેક ૨૦૨૬ : ગૌ ઉદ્યોગના ભવિષ્યમાં પરિવર્તન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગૌ આધારિત ઉદ્યોગો, વિજ્ઞાન, ટેકનોલોજી, સંશોધન, નવીનતા અને ઉદ્યમિતાને વૈશ્વિક મંચ પૂરો પાડવાના હેતુથી ગ્લોબલ કન્ફેડરેશન ઑફ કાઉ-બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ'' GCCI દ્વારા મહારાષ્ટ્ર ગૌ સેવા આયોગ અને આર.આર કેબલના સહયોગ થી આયોજિત ''ગૌ ટેક ૨૦૨૬'' નામનું આંતરરાષ્ટ્રીય શિખર સંમેલન અને પ્રદર્શની તા. ૨૦ થી ૨૩ માર્ચ ૨૦૨૬ દરમિયાન એગ્રીકલ્ચર કોલેજ ગ્રાઉન્ડ, પુના (મહારાષ્ટ્ર) ખાતે આયોજન કરવામાં આવી રહ્યું છે. ''ગૌ ટેક ૨૦૨૬''માં દેશ વિદેશથી નીતિનિર્માતાઓ, સમાજસેવકો, વૈજ્ઞાનિકો, ઉદ્યોગપતિઓ, સ્ટાર્ટ-અપ્સ, રોકાણકારો, ખેડૂતો, ગૌશાળાઓ, યુનિવર્સિટીઓ, સંતસમાજ, મહિલાઓ અને યુવાનો મોટી સંખ્યામાં ભાગ લેશે. આ આયોજનમાં ૩૦૦થી વધુ સ્ટોલ, ૧૨થી વધુ ગૌ વિષય આધારિત સેમિનાર, વિશેષ સંમેલનો, ૨ બેઠકો તથા વિદેશી પ્રતિનિધિઓની ભાગીદારી સાથે પાંચ લાખથી વધુ મુલાકાતીઓની હાજરીની સંભાવના છે.




GCCIના સ્થાપક, પૂર્વ મંત્રી અને રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ડૉ. વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું કે ગૌમાતાનું દૂધ, ગૌમૂત્ર, ગોબર અને પંચગવ્યમાં આરોગ્ય, કૃષિ, ઊર્જા, પર્યાવરણ સંરક્ષણ અને ગ્રામિણ અર્થવ્યવસ્થાને સશક્ત બનાવવાની અદ્ભુત વૈજ્ઞાનિક તથા આર્થિક ક્ષમતા રહેલી છે.

ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગ ના માનદ સલાહકાર અને GCCIના જનરલ સેક્રેટરી મિત્તલ ખેતાણીએ જણાવ્યુ કે ''ગૌ ટેક ૨૦૨૬'' માં જૈવિક ખાતર અને બાયો-ફર્ટિલાઈઝર, દૂધ તથા દૂધમાંથી બનેલા મૂલ્યવર્ધિત ઉત્પાદનો, ગૌમુત્ર અને ગોબર આધારિત ઉત્પાદનો, પ્રાકૃતિક ખેતી, પશુચિકિત્સા કોલેજો અને યુનિવર્સિટીઓ, સીમેન લેબોરેટરી, સેક્સ-સોર્ટેડ સીમેન તથા એમ્બ્રિયો ટ્રાન્સફર ટેકનોલોજી, સોલાર અને બાયો-એનર્જી, ચારો અને બીજ ઉદ્યોગ, ચારાગાહ વિકાસ મશીનરી, સરકારી અને ખાનગી બેંકો, સહકારી સંસ્થાઓ, દુગ્ધ સંઘો અને ફેડરેશનો, વિવિધ રાજ્યોના ગૌ સેવા આયોગો, એનિમલ ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ, ઈનોવેટિવ સ્ટાર્ટ-અપ્સ, સંશોધન અને વિકાસ આધારિત ગૌ ઉત્પાદનો, ભારતીય દેશી ગૌ જાતિઓનું લાઈવ પ્રદર્શન તેમજ નેચરોપેથી, આયુર્વેદ અને પંચગવ્ય આધારિત સારવાર પદ્ધતિઓ સાથે જોડાયેલા બધી શ્રેણીઓના સ્ટોલ બુક થઈ ચુક્યા છે, જે આ આયોજન પ્રત્યે દેશ-વિદેશથી મળી રહેલા વ્યાપક ઉત્સાહ અને વિશ્વાસને સ્પષ્ટ રીતે દર્શાવે છે.

ગૌ ટેક ૨૦૨૬નું ભવ્ય ઉદ્દઘાટન સમારંભ ૨૦ માર્ચ ૨૦૨૬ના રોજ યોજાશે, જેમાં દેશ-વિદેશના ગણમાન્ય મહેમાનો હાજર રહેશે. આ સમારંભ દ્વારા ચાર દિવસીય આંતરરાષ્ટ્રીય પ્રદર્શની અને સંમેલનનો ઔપચારિક આરંભ થશે. જ્યારે ૨૩ માર્ચ ૨૦૨૬ના રોજ સમાપન સમારંભ યોજાશે, જેમાં ગૌ ટેક ૨૦૨૬ની સિદ્ધિઓ, કરાર, રોકાણ પ્રસ્તાવો અને ભવિષ્યની કાર્યયોજનાની જાહેરાત કરવામાં આવશે. આ સમાપન સમારંભ ગૌ આધારિત આંદોલનને આગળ વધારવાની નવી પ્રતિબદ્ધતાનું પ્રતિક બનશે.

''ગૌ ટેક ૨૦૨૬''ના પરિસરમાં ગૌ પરિક્રમા માર્ગ અને મોડલ ગૌશાળા યુનિટની સ્થાપના કરવામાં આવશે, જ્યાં ભારતીય દેશી ગાયોના જીવંત દર્શન કરાવવામાં આવશે. આ જ પરિસરમાં વૈદિક પરંપરા અનુસાર અગ્નિહોત્ર ગૌ યજ્ઞનું આયોજન પણ પ્રસ્તાવિત છે. આયોજનની પૂર્વ તૈયારી અંતર્ગત ૧૫ માર્ચ ૨૦૨૬, રવિવારના રોજ ભવ્ય ભૂમિ પૂજન સમારંભ યોજાશે, જે આ ઐતિહાસિક આયોજનનો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક આરંભ ગણાશે.

ગૌ ટેક ૨૦૨૬ને માર્ગદર્શન આપવા તેના ચીફ પેટ્રન તરીકે પદ્મશ્રીથી સન્માનિત વૈજ્ઞાનિક વિજય ભાટકરજી, ભારત સરકારના પૂર્વ મંત્રી પ્રકાશ જાવડેકરજી, ગુજરાત સરકારના પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા IFFCOના ચેરમેન દિલીપભાઈ સંઘાણીનું સાન્નિધ્ય પ્રાપ્ત થઈ રહ્યું છે.

ચાર દિવસીય આયોજન દરમિયાન મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, ભારત સરકાર, મહારાષ્ટ્ર અને ગુજરાત સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, વરિષ્ઠ અધિકારીઓ તથા અનેક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળો આયોજન સ્થળની મુલાકાત લેશે.

GAU TECH - 2026ની માહિતી આપવા યોજાયેલ પ્રેસ કોન્ફરન્સમાં GCCIના ડો. વલ્લભભાઈ કથીરિયા, મિતલ ખેતાણી, રમેશભાઈ ઘેટીયા, વિજયભાઈ ડોબરિયા, દિલીપભાઈ સખિયા, ભાનુભાઈ મહેતા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પરિવાર દ્વારા અભ્યાસ છોડી દેવાના માનસિક ત્રાસ અને મારપીટ સામે ૧૯ વર્ષીય યુવતીના પડખે ઊભું રહેતું સખી વન સ્ટોપ સેન્ટર

### સખી વન સ્ટોપ સેન્ટર અને જાગૃત નાગરિકના સહયોગના કારણે યુવતીએ સુરક્ષિત રીતે કોલેજની પરીક્ષા આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજના આધુનિક યુગમાં રાજકોટની એક દીકરીને તેના પરિવારના સભ્યો જ અભ્યાસ માટે અવરોધરૂપ બનતા રાજકોટનું સખી વન સ્ટોપ સેન્ટર અને સેવાભ-ાવી ટ્રસ્ટના સભ્યએ સમયસૂચકતા વાપરીને ૧૯ વર્ષીય યુવતીનું શૈક્ષણિક ભવિષ્ય સુરક્ષિત કર્યું છે.

રાજકોટ સખી વન સ્ટોપ સેન્ટરમાં કાઉન્સેલર તરીકે ફરજ બજાવતા શ્રી યાસ્મીન બહેન અને શ્રી કલ્પના બહેનના જણાવ્યા અનુસાર, અરજદાર યુવતી .માં અભ્યાસ કરી રહી છે. યુવતીનું કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું હતું કે, તેણીના માતા પિતા અને મોટી બહેન અભ્યાસ બાબતે માનસિક ત્રાસ આપી રહ્યા છે. મોટી બહેન દ્વારા ચારિત્ર્ય ઉપર શંકા કરીને કોલેજ જતી ન હોવાના ગંભીર આક્ષેપો લગાવવાની સાથે મારપીટ કરીને મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી છે.

યુવતીને કોલેજની પરીક્ષા ન આપવાનું દબાણ કરતાં ડરના કારણે મહિલા પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. જેના આધારે યુવતીને રાજકોટ સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, યુવતીની આ કપરી સ્થિતિમાં સાંઈબાબા ચેરિટેબલ ટ્રસ્ટના મેમ્બર શ્રી રૂપલબહેન શાહના સહકારથી યુવતીને પરીક્ષા ખંડમાં સુરક્ષિત રીતે પહોંચાડીને પરીક્ષા પૂર્ણ થયા બાદ સખી વન સ્ટોપ સેન્ટર ખાતે પરત મૂકી જવામાં આવતી હતી. યુવતીએ સખી વન સ્ટોપ સેન્ટર અને શ્રી રૂપલબહેન શાહનો આભાર માનતા જણાવ્યું હતું કે, આજે તેઓના કારણે શૈક્ષણિક કારકિર્દીમાં આગળ વધીને કોલેજની પરીક્ષામાં હાજર રહી શક્યા. સમગ્ર પરિસ્થિતિમાં સખી વન સ્ટોપ સેન્ટર યુવતીનો મજબૂત ટેકો બનીને ઉભું રહ્યું હતું. તેણીનું કાઉન્સેલિંગ કરીને માત્ર પરીક્ષા અપાવવા પૂરતી જ નહીં, પણ યુવતીના ઉજ્જ્વળ ભવિષ્ય માટે તેને સતત સપોર્ટ આપવાની ખાતરી આપીને પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. આમ સખી વન સ્ટોપ સેન્ટર મહિલાઓના સર્વાંગી કલ્યાણ, સુરક્ષા અને અધિકારો માટે હંમેશા તત્પર છે.

# વાંકાનેરમાં શુક્લ શેરીમાં દંપતીનો આતંક : ધૂળેટીએ મહિલાઓ અને બાળકો ઉપર પથ્થરમારો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરમાં રામચોક શુક્લ શેરી વિસ્તારમાં ધૂળેટીના દિવસે નજીવી બાબતે દંપતિએ શેરીની મહિલાઓ અને બાળકો પર પથ્થરમારો તેમજ લાકડી વડે હુમલો કર્યો હોવાની ફરીયાદ નોંધાઈ છે. આ સાથે હુમલામાં ઈજાગ્રસ્ત મહિલાઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી. ઉલ્લેખનીય છે કે, ઉપરોક્ત દંપતી દર તહેવારે શેરીમાં આ રીતે ઝઘડા તોફાન કરતા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ, વાંકાનેરના રામચોક શુક્લ શેરીમાં રહેતા ખુશ્બુબેન મહેન્દ્રભાઈ વરસડા ઉવ.૩૧ દ્વારા સીટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદ મુજબ ગઈકાલ તા.૦૪/૦૩/૨૦૨૬ના રોજ ધૂળેટી પર્વ નિમિત્તે શેરીના સાત-આઠ વર્ષના બાળકો રંગ અને પાણીથી રમતા હતા. તે દરમિયાન શેરીમાં રહેતા આરોપી જ્યોતિકાબેન બટુકભાઈ મેઘાણી બાળકોની સાયકલ લઈને પોતાના ઘરે ગયા હતા અને મોબાઈલથી વીડિયો ઉતારી રહ્યા હતા. જે બાદ બાળકોના વાલીઓ સાયકલ બાબતે પૂછપરછ કરવા જતા આરોપી જ્યોતિકાબેન અને તેમના પતિ આરોપી બટુકભાઈ મેઘાણી ઉશ્કેરાઈ ગાળો બોલવા લાગ્યા અને ઘરમાંથી ઈંટ-પથ્થર ફેંકવા લાગ્યા હતા. આ હુમલામાં સાહેદો નિરાલીબેન, સાવત્રીબેન તેમજ શેરીના કેટલાક બાળકોને ઈંટ-પથ્થર વાગતા ઈજાઓ પહોંચી હતી. બાદમાં જ્યોતિકાબેન લાકડી લઈને આવી ફરિયાદી ખુશ્બુબેનના ડાબા પગ પર માર મારતા તેમને મુઢ ઈજા પહોંચી હતી. વધુમાં આરોપી દંપતિ તહેવારો દરમ્યાન અવારનવાર શેરીમાં ઝગડા અને તોફાન કરતા હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. હુમલામાં ઈજાગ્રસ્ત મહિલાઓ હોસ્પિટલ ખાતે સારવારમાં જવાની હોય. હાલ વાંકાનેર સીટી પોલીસે આરોપી પતિ-પત્ની સામે બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર જિલ્લામા સતત બીજા દિવસે પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સ્પેશ્યલ ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. અને કુલ ૧૩૩૫ વાહન ચેક કરવામાં આવ્યા હતા. તેમજ ૧,૬૬,૫૦૦ હાજર દંડની પણ વસૂલાત કરવામાં આવી હતી.જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીએ ટ્રાફિક ડ્રાઈવ દરમ્યાન એમ.વી.એક્ટ, કારમાં બ્લેક ફિલ્મ, નંબર પ્લેટ વગર તથા ફેન્સી નંબર પ્લેટવાળા વાહન ચાલકો તથા જી.પી.એક્ટ, કેફી પીણું પીધેલી હાલતમા વાહન ચલાવતા વાહન ચાલક વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી અંગેની સ્પેશ્યલ ટ્રાફિક ડ્રાઈવ માટે સૂચના આપી હતી. જેથી જામનગર જીલ્લા પોલીસ દ્વારા સ્પેશ્યલ ટ્રાફિક ડ્રાઈવ કરવામાં આવી હતી.જેમાં એમ.વી.એક્ટ કલમ-૨૦૭ હેઠળ ૧ વાહન ડીટેઈન કરવામાં આવ્યું હતું.



એમ.વી.એક્ટ કલમ-૧૮૫ હેઠળ ૧ કેસ , હથિયાર જાહેરનામા ભંગ હેઠળ ૬ કેસ, બી.એન.એસ કલમ-૨૮૧ કેસ અન્વયે ૧ કેસ,બી.એન.એસ કલમ-૨૮૫ હેઠળ એક કેસ, ફોરવ્હીલ કારમાં બ્લેક ફિલ્મ/નંબર પ્લેટ વગરના વાહન, ફેન્સી નંબર પ્લેટવાળા હેઠળના કુલ કેસો-૪૫ કરવામાં આવ્યા છે. એમ.વી.એક્ટ. હાજર દંડના ૨૨૧ કેસમાં રૂપિયા-૯૮,૭૦૦ ની વસૂલાત કરવામાં આવી હતી. જ્યારે ઈ-ચલણ પાવતીના ૬૩ કેસમાં દંડ પૈકી રૂપિયા ૬૭,૮૦૦ ની વસૂલાત કરાઈ હતી. કુલ ૧,૩૨૫ વાહન ચેક કરવામાં આવ્યા હતા.આ કામગીરી મદદનીશ પોલીસ અધિક્ષક લાલપુર વિભાગ, નાયબ પોલીસ અધિક્ષક, શહેર વિભાગ/ગ્રામ્ય વિભાગના સુપરવિઝન હેઠળ, તમામ થાણા અધિકારી, પોલીસ ઈન્સપેક્ટર તથા એલ.સી.બી. એસ.ઓ.જી, ટ્રાફિક શાખા, પો.સબ ઈન્સ.પેરોલ ફલો સ્કોડ તથા પોલીસ સ્ટેશનના પો.સબ ઈન્સ તથા સ્ટાફ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

# જામનગરમાં શેર બજારમાં રોકાણનાં બહાને ૬૨.૯૪ લાખની છેતરપિંડી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ગુરુદ્વારા નજીક એકતા એપાર્ટમેન્ટમાં રહેતા અને શેર બજારનો વ્યવસાય કરતા દેવેનભાઇ મોહનભાઇ પટેલ નામના વેપારીએ પોતાની સાથે અને પોતાના પરિવારના અન્ય સભ્ય સાથે રોકાણના બહાને છેતરપિંડી કરવા અંગે તેમજ અન્ય એક વ્યક્તિ સહિત તમામની કુલ ૬૨,૯૪,૮૧૩ની રકમ મેળવી લીધા બાદ પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા અંગે જામનગરના ગાંધીનગર નવા રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા હિરેન ભરતભાઇ લાખાણી સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર આજથી ત્રણ વર્ષ પહેલા આરોપી હિરેનભાઇ લાખાણી દેવેનભાઇ પટેલના બિઝનેસના પાર્ટનર પારૂલબેન સાથે સંપર્કમાં આવ્યો હતો અને પારૂલબેનનો સંબંધી હોવાથી અને પોતે જામનગરની આઇ.સી.આઇ.સી.આઇ.ની સિક્યુરિટી બ્રાન્ચમાં ફરજ બજાવતો હોવાથી શેરબજારના ડિમેટ એકાઉન્ટ ખોલાવવાના બહાને રોકાણ કરાવવાનું શરૂ કર્યું હતું અને કટકે કટકે નાણાં જમા કરાવ્યા હતા. શરૂઆતમાં સારો નફો બતાવ્યો હતો અને વળતર આપવાની લાલચ આપી હતી.

ત્યારબાદ વધુ રોકાણ કરાવી દેવેનભાઇ તથા તેના પરિવાર તેમજ જામનગરના ઘનશ્યામસિંહ જાડેજા નામના અન્ય એક વ્યક્તિના પણ પૈસા મેળવી લીધા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું અને નાણાંની ઉપાચત કરીને ભાગી છુટયો હોવાથી આખરે દેવેનભાઇ પટેલ, પારૂલબેન તેમજ ઘનશ્યામસિંહ વેગેરેએ હિરેન લાખાણી સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવતાં સિટી બી.ડીવીઝનના મહિલા પી.એસ.આઇ. એમ.એમ.મહેતાએ તપાસ હાથ ધરી છે.પૈસાની છેતરપિંડી કરીને ભાગી છૂટનાર હિરેન લાખાણી ૧૧મા મહિનાથી એકાએક લાપત્તા બન્યો છે અને તેના પિતા દ્વારા સૌ પ્રથમ પોતાનો પુત્ર કહ્યામાં નથી તેવી જાહેરાત પ્રસિદ્ધ કરાવી હતી. જ્યારે જામનગરના સિટી બી.ડીવીઝન પોલીસ મથકમાં પોતાનો પુત્ર ગુમ થઇ ગયો હોવાની પણ ગુમ નોંધ કરાવી હતી. સાથોસાથ દેવેનભાઇ પટેલ અને ઘનશ્યામસિંહ વગેરે સામે આરોપીના પિતા ભરતભાઇ લાખાણીએ અરજી કરી પૈસાની ઉઘરાણી અને ત્રાસ અપાતો હોવાનું જણાવ્યું હતું.

# મોરબીની પીએમશ્રી માધાપરવાડી કન્યા શાળાના શિક્ષકનો અનોખો સંકલ્પ

### પિતાની સ્મૃતિમાં ૧૩ વખત વિદ્યાર્થિનીઓને ભોજન અને શૈક્ષણિક સામગ્રી અર્પણ કરી



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની પીએમશ્રી માધાપરવાડી કન્યા શાળાના ઉપઆચાર્ય અને પૂર્વ સીઆરસી કો-ઓર્ડિનેટર અરવિંદભાઈ કૈલાએ પોતાના પિતા અંબારામભાઈ કૈલાના અવસાન બાદ ૧૩ માસિક પુણ્યતિથિએ શાળાની ૪૧૪ દિકરીઓને ભોજન પ્રસાદ અથવા શૈક્ષણિક વસ્તુ અર્પણ કરવાનો સંકલ્પ લીધો છે. અત્યાર સુધીમાં છ વખત ભોજન આપવામાં આવ્યું છે અને તાજેતરમાં ચિત્રપોથીનું વિતરણ કરવામાં આવ્યું હતું. મોરબીની પીએમશ્રી માધાપરવાડી કન્યા શાળ-ામાં અભ્યાસ કરતી આશરે ૪૧૪ દિકરીઓને શિક્ષકો દ્વારા સગી દિકરી સમાન સ્નેહ અને માર્ગદર્શન આપવામાં આવે છે. વિદ્યાર્થીનીઓની લાગણીઓ અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખી શાળા પરિવારે હંમેશા સકારાત્મક અને સહાનુભૂતિપૂર્ણ વાતાવરણ ઉભું કર્યું છે. આ જ સંવેદનશીલતા દર્શાવતા શાળાના ઉપઆચાર્ય અને પૂર્વ સીઆરસી કો-ઓર્ડિનેટર અરવિંદભાઈ કૈલાના પૂજ્ય પિતા અંબારામભાઈ કૈલાનું તાજેતરમાં દુઃખદ અવસાન થયું હતું. તેમના સ્મરણાર્થે અરવિંદભાઈએ પોતાના બહેન-બનેવી, પુત્ર-પુત્રવધુ તથા દિકરી-જમાઈના સહયોગથી એક પ્રેરણાદાયી સંકલ્પ લીધો છે. જેમાં દર મહીનાની માસિક પુણ્યતિથિ નિમિત્તે કુલ ૧૩ વખત શાળાની તમામ ૪૧૪ વિદ્યાર્થિનીઓને ભોજન પ્રસાદ અથવા શૈક્ષણિક સામગ્રી અર્પણ કરવામાં આવશે. આ સંકલ્પ મુજબ અત્યાર સુધીમાં છ વખત ભોજન આપવામાં આવ્યું છે. આજે વધુ એક પ્રસંગે તમામ બાળાઓને ચિત્ર દોરી શકે તે માટે ચિત્રપોથી અર્પણ કરવામાં આવી હતી. શિક્ષણ સાથે સંસ્કાર અને સેવા ભાવના જોડતો આ પ્રયાસ સમગ્ર શાળા પરિવારમાં પ્રેરણા પૂરું પાડે છે. શાળા પરિવાર દ્વારા અરવિંદભાઈ કૈલાના આ સેવાકીય અને લાગણીસભર કાર્ય બદલ દિલથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# વાંકાનેરના સિંધાવદર નજીક વોકળામાં અજાણ્યા પુરુષનો મૃતદેહ મળતા ચકચાર

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સિંધાવદર ગામ નજીક પાણીના વોકળામાં આશરે ૩૦ થી ૩૫ વર્ષના અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. હાલ પોલીસે આ મામલે અ.મોતની નોંધ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડવા તજવીજ હાથ ધરી છે.

વાંકાનેર તાલુકાના સિંધાવદર ગામથી આગળ ઓઈલ પાઈપલાઈન ઓફિસ પાસેથી કોઝવે તરફ જતા રસ્તે અંદાજે ૫૦ મીટર આગળ રોડની સાઈડમાં આવેલ પાણીના વોકળામાં એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવ અંગે સિંધાવદર લીંબાપરા વિસ્તારમાં રહેતા જયેશભાઈ પરષોતમભાઈ દંતેસરીયાએ ગત તા ૦૩/૦૩ ના રોજ પોલીસને જાણ કરી હતી. મૃતદેહ આશરે ૩૦ થી ૩૫ વર્ષના પુરુષનો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. હાલ વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની નોંધ જારી મૃતકની ઓળખ મેળવવા આગળની તપાસ શરૂ કરી છે.

# રાજપર ગામે કારખાનામાં ત્રીજા માળે સુતેલ શ્રમિક નીચે પટકાતા મૃત્યુ નીપજ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના રાજપર ગામે શ્યામ પોલીપેક કારખાનામાં ત્રીજા માળે સુતેલ ૩૮ વર્ષીય શ્રમિક કોઈ કારણસર નીચે પડતા તેનું મૃત્યુ નિપજ્યું હતું. પોલીસે મરણ નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

મોરબી તાલુકાના રાજપર ગામે થોરાળા પાટીયા રોડ પર આવેલ શ્યામ પોલીપેક કારખાનામાં ગત તા. ૦૪/૦૩/૨૦૨૬ના રોજ કોઈપણ સમયે એક દુર્ઘટના સર્જાય હતી. જેમાં કપીલ દાઈમા ઉવ.૩૮ નામનો શ્રમિક શ્યામ પોલીપેકમાં કામ કરતા હતા. ગઈકાલ તા.૦૪/૦૩ના રોજ કપિલ દાઈમા ત્રીજા માળે પાણીની ટાંકી ઉપર સુતા હતા. તે દરમિયાન તેઓ નીચે પડી જતા ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. બનાવ અંગે મોરબી સરકતી હોસ્પિટલના તબીબે પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. ત્યારે મૃત્યુના બનાવ મામલે તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી છે.

# યુદ્ધની અસરને લઈને મોરબી સિરામિક ઉદ્યોગ શટડાઉનની કગાર પર

### પ્રોપેન અને નેચરલ ગેસની અછતથી ઉત્પાદન ઠપ થવાની ભીતિ, ચાર લાખથી વધુ મજૂરો પર સંકટ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના કારણે પ્રોપેન ગેસની આવક અટકતા મોરબી સિરામિક ઉદ્યોગ પર ગંભીર સંકટ ઊભું થયું છે. ઉદ્યોગકારો પાસે માત્ર ૨૪ કલાક જેટલો પ્રોપેન ગેસ અને અંદાજે એક અઠવાડિયા જેટલો નેચરલ ગેસનો જ જથ્થો ઉપલબ્ધ છે. યુદ્ધની પરિસ્થિતિ યથાવત રહી તો મોટાભાગના સિરામિક યુનિટ્સ આગામી દિવસોમાં શટડાઉન કરવા જ પડશે.




વિશ્વસ્તરે મધ્ય પૂર્વમાં ઈરાન-ઈઝરાયલ-અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો પ્રભાવ હવે મોરબીના સિરામિક ઉદ્યોગ સુધી પહોંચ્યો છે. મોરબી સિરામિક ઉદ્યોગમાં નેચરલ ગેસ અને પ્રોપેન ગેસનો ઉપયોગ થાય છે, જે ઉત્પાદન પ્રક્રિયા માટે ઓક્સિજન સમાન છે. હાલ યુદ્ધને કારણે પ્રોપેન ગેસની આયાત સંપૂર્ણપણે અટકી ગઈ છે. ત્યારે ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ હાલમાં મોટાભાગના યુનિટ્સ પાસે વધીને માત્ર ૨૪ કલાક ચાલે એટલો જ પ્રોપેન ગેસ ઉપલબ્ધ છે. બીજી તરફ નેચરલ ગેસનો જથ્થો પણ આશરે એક અઠવાડિયા પૂરતો જ બાકી રહ્યો છે. આવી પરિસ્થિતિમાં આગામી અઠવાડિયામાં મોટા પાયે સિરામિક યુનિટ્સ શટડાઉન કરવાની ફરજ પડી શકે છે. કેટલાક પ્રોપેન આધારિત યુનિટ્સે તો શટડાઉનની જાહેરાતો પણ શરૂ કરી દીધી છે.

આ સંજોગોમાં મોરબી સિરામિક ઉદ્યોગ સાથે સંકળાયેલા અંદાજે ચાર લાખથી વધુ કામદારોના રોજગાર પર સીધી અસર થવાની શક્યતા છે. જો યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થાય અને ગેસની આવક ફરી શરૂ થાય તો પણ વધેલી કિંમતે ગેસ મળવાની સંભાવના છે, જે ઉદ્યોગ માટે વધુ મોટો આર્થિક ફટકો સાબિત થઈ શકે છે. ગેસ અછતને ધ્યાનમાં રાખીને મોરબી સિરામિક એસોસિયેશન અને ગુજરાત ગેસના અધિકારીઓ વચ્ચે તાત્કાલિક બેઠક યોજાઈ હતી. બેઠકમાં ચર્ચા મુજબ હાલ કોઈ અસરકારક વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ નથી. ગુજરાત ગેસના ગ્રાહકોને આવતા એક અઠવાડિયા બાદ નેચરલ ગેસ સપ્લાયમાં ૫૦ ટકા સુધી કાપ મૂકવાની શક્યતા દર્શાવવામાં આવી છે. જો સાઉદી અરેબિયા તરફથી ગેસ સપ્લાય વહેલી તકે ફરી શરૂ થાય તો પરિસ્થિતિ કાબૂમાં આવી શકે છે, પરંતુ યુદ્ધ લાંબું ચાલે તો નેચરલ ગેસ આધારિત તમામ યુનિટ્સને પણ શટડાઉન કરવાની ફરજ પડી શકે છે.

# ધુળેટીની રાત રક્તરંજીત : નેપાળી યુવકની પથ્થરના ઘા ઝીંકી હત્યા

**કે.કે.વી. ચોક પાસે બ્રિજ નીચે ખૂની ખેલ ખેલાયો : ૩૩ વર્ષીય રાહુલ વિશ્વકર્મા રેસ્ટોરન્ટમાં નોકરી કરતો, કે.કે.વી. ચોકે બેસતા તેના પિતાને મળવા ગયો હતો**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધુળેટીની રાત રક્તરંજીત બની હતી. રાજકોટમાં નેપાળી યુવકને પથ્થરના ઘા ઝીંકી હત્યા કરાઈ હતી. મોડી રાત્રે ૨.૩૦ વાગ્યાં આસપાસ કે. કે. વી. ચોક પાસે બ્રિજ નીચે ખૂની ખેલ ખેલાયો હતો. ૩૩ વર્ષીય રાહુલ વિશ્વકર્મા રેસ્ટોરન્ટમાં નોકરી કરતો હતો. કે.કે.વી. ચોકે બેસતા તેના પિતાને મળવા ગયો હતો. યુવકના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો. રાત્રે જ પોલીસે હત્યારા આરોપીને સકંજામાં લીધો હતો. પ્રાથમિક તપાસમાં મોબાઈલ બાબતે સામાન્ય માથાકૂટમાં મર્ડરનો બનાવ બન્યો હોવાનું ખુલ્યું હતું.

મળતી માહિતી અનુસાર, ગઈકાલે રાત્રે ત્રણ વાગ્યે આસપાસ રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં ૧૦૮ એમ્બ્યુલન્સનો સ્ટાફ એક અજાણ્યા યુવાનને લોહી લુહાણ હાલતમાં લાવ્યો હતો. ૧૦૮ ના સ્ટાફે જણાવ્યા મુજબ આ યુવાન કેકેવી બ્રિજ નીચે ઈજાગ્રસ્ત હાલતમાં બેભાન પડ્યો હતો. જેથી બનાવ અંગે પહેલા કોઈ સ્પષ્ટતા હતી નહીં.

જોકે ત્યારબાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં એસીપી, પી.આઈ. સહિતના અધિકારીઓનો પોલીસ કાફલો દોડી આવ્યો હતો. તત્કાલ પોલીસે આ યુવાનની ઓળખ કરવા માટે તજવીજ કરી હતી. દરમિયાન યુવકની ઓળખ રાહુલ પ્રેમસિંગ ઉર્ફે પઠાણભાઈ વિશ્વકર્મા હોવાની ઓળખ થઈ હતી. વધુ તપાસ કરતાં આ યુવાન રાજકોટના યુનિવર્સિટી રોડ પર આકાશવાણી ચોક નજીક ભગતસિંહજી ગાર્ડનની પાછળ આવેલા આવાસ ક્વાર્ટરમાં રહેતો હોવાનું જાણવા મળ્યું હતું.

જેથી પોલીસ ટુકડી તેના ઘરે દોડી ગઈ હતી અને તેના માતા અને ભાઈ બહેનને જાણ કરી હતી. પરિવારજનો રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં સારવાર હેઠળ રહેલા રાહુલે વહેલી સવારે ૦૬૦૦ વાગ્યા આસપાસ સારવારમાં દમ તોડી દીધો હતો. જે અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે માલવિયા નગર પોલીસને જાણ કરી હતી.

માલવીયા નગર પોલીસનો સ્ટાફ રાજકોટ સિવિલ હોસ્પિટલ દોડી આવ્યો હતો અને જરૂરી કાગળ કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પીએમ માટે પોસ્ટમોર્ટમ રૂમમાં ખસેડ્યો હતો. બનાવની જાણ થતા નેપાળી સમાજના આગેવાન નેપાળી સમાજ ફાઉન્ડેશનના પ્રમુખ સંજયરાજ કારકી અને અન્યે આગેવાનો પણ સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા. પરિવારજનોની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, રાહુલના અગાઉ લગ્ન થયા હતા પરંતુ બાદમાં ચાર વર્ષ પહેલાં તેના છૂટાછેડા થઈ ગયા હતા. રાહુલના માતા-પિતા પણ અલગ અલગ રહે છે.

રાહુલ તેના માતા સરસ્વતીબેન, અને ભાઈ સાહિલ સાથે રહેતો હતો. તેમને એક બહેન છે જેનું નામ રીંકલ છે. જે રાજકોટમાં જ સાસરે છે. રાહુલ રેસ્ટોરન્ટમાં કામ કરતો હતો. મુખ્યત્વે રાહુલ રાત પર રાત્રે બહાર રહેતો હતો.

અઠવાડિયામાં એક બે રાત આ જ રીતે તે બહાર ફરતો રહેતો હતો. જેથી ગઈકાલે તે ઘરે ગ્યો નહોતો. આશરે આઠેક વાગ્યે ઘરેથી નીકળ્યો હતો. તેના પિતા પઠાણભાઈ કેકેવી ચોકે બેસતા હોય તેને મળવા અવાર નવાર તે કેકેવી ચોકે જતો. ગઈકાલે પણ તે પિતાને મળવા જ અહીં આવ્યો હોવાનું અનુમાન છે. જ્યાં આરોપી સાથે માથાકૂટ થતા મામલો બીચકતા સમગ્ર બનાવ બન્યો હોવાનું તારણ છે. પોલીસે આરોપીની અટકાયત કરીને હત્યાનો ગુનો નોંધ્યો હતો.

# મવડી-પાળ રોડ પર શ્રીરામ ચોક પાસે ૪૩૨ ચપલા સાથે શખ્સ ઝડપાયોઃ બેની શોધખોળ

## પીસીબીની ટીમે રીક્ષા સહિત ૧.૬૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી રામનાથપરાના બે ઓડ શખ્સોની શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રામનાથ પરામાં વિદેશી દારૂનો પુરજોશમાં ખુલ્લેઆમ વેપલો કરતા બે બુટલેગરોએ મગાવેલો વિદેશી દારૂ રામનાથપરામાં પહોંચે તે પહેલા જ પીસીબીની ટીમે મવડી-પાળ રોડ પર શ્રી રામ ચોક પાસે વિદેશી દારૂના ૪૩૨ ચપલા ભરેલ ઓટો રીક્ષામાં એક શખ્સને દબોચી લઇ રૂ.૧.૬૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી રામનાથપરાના બન્ને બુટલેગરોની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ગુન્હા નીવારણ શાખાની ટીમના ઈન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયા અને એમ.જે.હુણની સુચનાથી હેડ કોન્સ. કુલદિપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, કોન્સ. યુવરાજસિંહ રાણા સહિતનો સ્ટાફ શહેરની ભાગોળે મવડી-પાળ રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, રામનાથપરાનો બુટલેગર વિજય ઉર્ફે ટીટો ભીખુ ભટ્ટી અને તુષાર જયેશ ઓડ નામના શખ્સોએ વિદેશી દારૂનો જથ્થો મગાવ્યો હોય તે રીક્ષા શ્રી રામ ચોક પાસે શિવટાઉન્શીપ વાળા રસ્તે હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડી ઓટો રીક્ષા નં. જીજે૧૦ટીડબ્લ્યુ૪૨૭૦માં ચાલક ઋત્વીક ઉર્ફે રઘો વિનોદ જીપ્લોટ (રહે.જનકપુરી સોસાયટી, સાધુવાસવાણી રોડ)ની અટકાયત કરી રીક્ષાની તલાસી લેતા મેજીક મુમેન્ટ જાંમુન ફલેવર વોડકા ૧૮૦ એમએલ ચપલા નંગ ૪૩૨ કિંમત રૂ.૧.૨૪ લાખનો જથ્થો મળી આવતા પોલીસે રીક્ષા સહિત કુલ રૂ.૧.૬૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી રામનાથપરાના બુટલેગર વિજય ઉર્ફે ટીટો અને તુષાર ઉર્ફે જયેશ ઓડની શોધખોળ શરૂ કરી છે.

# ભાવનગર રોડ પર કાળીપાટ ચોકડી પાસે વિદેશી દારૂ ભરેલી બોલેરોમાં બે ઝડપાયા

## દારૂનો જથ્થો સપ્લાય કરનાર ખડવાવડીનો બુટલેગર અને મગાવનાર થોરાળાના બુટલેગરની શોધખોળ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં હોળી-ધુળેટીના તહેવારોમાં વિદેશી દારૂની ફુલ માગ હોય અને તહેવાર તાણે જ દારૂની અછત શહેરમાં વર્તાતા બુટલેગરો મનફાવે તેવા ઉંચા ભાવે વિદેશી દારૂનું વેંચાણ કરતા હોય અને આસપાસના ગામોમાંથી દારૂનો જથ્થો મગાવતા હોવાની હકિકતના આધારે ગુન્હાનિવારણ શાખાની ટીમે વોચ ગોઠવી ભાવનગર રોડ પર કાળીપાટ ચોકડી પાસે વિદેશી દારૂ ભરેલી બોલેરોમાં બે શખ્સોને દબોચી લઇ વધુ બે બુટલેગરોની શોધખોળ આદરી છે.

આ અંગેની માહિતી મુજબ ગુન્હા નિવારણ શાખાની ટીમના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયા, પીઆઇ એમ.જે.હુણની સુચનાથી હેડ કોન્સ. દિલીપભાઇ બોરીચા, ઉમેશભાઇ ચાવડા, કોન્સ. વિશાલભાઇ દવે સહિતનો સ્ટાફ રાજકોટ-ભાવનગર હાઇવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, જસદણ પંથકમાંથી વિદેશી દારૂ ભરેલી બોલેરો લઇ બે શખ્સો રાજકોટ તરફ આવી રહેલા હોવાની હકિકતના આધારે પોલીસે કાળીપાટ ચોકડી પાસે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન બોલેરો નંબર જીજે૦૩પીએમ૩૦૨માં બે શખ્સો શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે બોલેરોનો પીછો કરી અટકાવી તલાસી લેતા વિદેશી દારૂની ૨૦૪ બોટલ કિંમત રૂ.૫૩૦૦૦ નો જથ્થો મળી આવતા પોલીસે બોલેરોનો ચાલક પ્રકાશ વાઘજી મકવાણા (રહે.ખડવાવડી, તા.જસદણ) અને ભગીરથ હરેશ દિક્ષીણી (રહે.સાધુવાસવાણી રોડ, ગોપાલ ચોક, સંકલ્પ સિધ્ધિ વિવાનતા એપાર્ટમેન્ટ એ વિંગ, ફલેટ નં.૨૦૧)ની ધરપકડ કરી બોલેરો સહિત કુલ રૂ.૮.૫૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ પુછપરછ કરતા દારૂનો જથ્થો જસદણના નાનીલાખાવડનો પ્રકાશ દિપક ખીમસુરીયાએ મોકલાવ્યો હોવાની અને દારૂનો જથ્થો થોરાળામાં રામાપીર મંદિર પાસે રહેતો હિતેષ મકવાણા નામના શખ્સને મોકલાવવાનો હોવાનું જણાવતા પોલીસે આ બન્ને બુટલેગરોની શોધખોળ શરૂ કરી છે.

# હોળીની રાત્રે મેટોડા જીઆઇડીસી પાસે ગમખ્વાર અકસ્માત : ચાર યુવાનોના મોત

**મેટોડા જીઆઇડીસી પાસે ટ્રક ચાલકે બેફામ બન્યો, રીક્ષાને હડફેટે લઇ બુકડો બોલાવી દીધો રીક્ષાચાલક અને ચોટીલા પંથકના બંધુ સહિત ચાર મુસાફરોના મોતથી અરેરાટી**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ નજીક આવેલ મેટોડા જીઆઇડીસીમાં ધૂળેટીની આગલી રાત્રે ગમખ્વાર અકસ્માતની ઘટના બની હતી. જેમાં મેટોડા જીઆઇડીસી ગેઇટ નં.૩ પાસે પૂરપાટ ઝડપે ધસી આવેલા ટ્રકે રીક્ષાને હડફેટે લઇ તેનો બુકડો બોલાવી દીધો હતો. આ અકસ્માતમાં રીક્ષાચાલક સહિત તેમા મુસાફર તરીકે બેઠેલા મેટોડામાં રહેતા બે સગા ભાઇઓ સહિત ચારના કમકમાટીભર્યા મોત થતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

ભયાનક અકસ્માતના બનાવના પગલે જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર સહિતનો મોટો પોલીસ કાફલો બનાવસ્થળે દોડી ગયો હતો. અકસ્માતની આ ઘટના અંગે કોળી બંધુના પિતાની ફરિયાદ પરથી મેટોડા પોલીસે ગીરસોમનાથના એલમપુર ગામના ટ્રકચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, કાલાવડ રોડ હાઈવે પર આવેલ મેટોડા જીઆઈડીસી ગેઈટ નંબર ૩માં આવેલ યુનિવર્સલ ટેકનેકાસ્ટ નામના કારખાના નજીક રાત્રિના ૧૦ વાગ્યા આસપાસ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં જીજે.૦૩.બીવાય. ૮૮૮૯ નંબરના ટ્રકે રિક્ષાને અડફેટે લેતા જીજે.૦૩.બીએક્સ.૫૬૫૬ નંબરની રિક્ષાનો બુકડો બોલી ગયો હતો. ઓટો રિક્ષામાં બે સગા ભાઈઓ અને એક શ્રમિક મળી કુલ ૩ મુસાફરો બેઠા હતા જે તમામ અને રિક્ષા ચાલક મળી કુલ ચાર લોકોના આ અકસ્માતમાં મોત નિપજ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ઓટો રિક્ષા શ્રીરામ હોસ્પિટલ પાસેથી પસાર થઇ ગેઇટ નંબર ૩માં જતી હતી દરમિયાન અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે.

વધુમાં પોલીસની તપાસમાં સુનિલ અશ્વિનભાઈ વરાણીયા (ઉ.વ.૨૮) જે પોતે મેટોડા ઋઈઈઉઈ વિસ્તારમાં આવેલા મચ્છોનગર વિસ્તારમાં જ રહેતો હોવાનું અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હોવાનું સામે આવ્યું છે. મૃતક રિક્ષા ચાલક એક બેન ત્રણ ભાઈમાં મોટો હતો અને તેને સંતાનમાં બે દીકરી હોવાનું સામે આવ્યું છે જેને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો છે. આ અકસ્માત-માં બે સગા ભાઈઓ અને એક શ્રમિક કે જેઓ રિક્ષામાં મુસાફર તરીકે બેઠા હતા તેમના પણ મોત નિપજ્યા છે જેમાં વિશાલ સવસીભાઈ ગાંગડિયા અને વિજય સવસીભાઇ ગાંગડિયાનો સમાવેશ થાય છે.

જેઓ પણ મેટોડા જીઆઇડીસી વિસ્તારમાં જ આવેલ રોટરી કલ્બ નજીક રહેતા હોવાનું સામે આવ્યું હતું. મૂળ તેઓ સુરેન્દ્રનગરના વતની હતા અને અહીંયા પેઈન્ટર તરીકે મેટોડા અને આસપાસમાં પેઈન્ટિંગ કામ કરતા હતા. આ ઉપરાંત અકસ્માતમાં મૃત્યુ પામેલ અન્ય એક શ્રમિકની ઓળખ જે તે સમયે થઇ ન હતી. બાદમાં તેની ઓળખ પણ થઇ ગઇ હતી. જેનું નામ અતુલ કલ્યાણ સહેરીયા (ઉ.વ.૩૦ રહે- હાલ મેટોડા જી.આઇ.ડી.સી. ગેઇટ નંબર ૦૩, અંધેરી સોસાયટી તા.લોધીકા જી.રાજકોટ મુળ રહે-રાજપુરગામ, તા.શહાબાડ જી.બારા,રાજસ્થાન) હોવાનુ માલુમ પડયું હતું.

બનાવ અંગેની જાણ થતા જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર,ડીવાયએસપી કે.જી. ઝાલા સહિત મેટોડા પોલીસ તેમજ એલસીબી ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અકસ્માતની આ ઘટના અંગે મૃતક કોળી બંધુના પિતા શીવાભાઇ લીંબાભાઇ ગાંગડીયા(ઉ.વ.૫૨ રહે. મેટોડા જીઆઇડીસી ગેઇટ નં.૩ રોટરી કલબ કવાર્ટસ-૩૪ મૂળ ગારીડા તા. ચોટીલા)ની ફરિયાદ પરથી ટ્રક ચાલક બંસીભારથી બટુકભારથી ગૌસ્વામી(ઉ.વ. ૩૧ રહે. એલમપુર તા. ઉના)ની સામે ગુનો નોંધી નાસી ગયેલા ટ્રકચાલકને ગણતરીની કલાકોમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નવાગામમાં ચાંદીના કારખાનેદાર સાથે લેબર કોન્ટ્રાકટરે કરી રૂ.૫૫.૪૬ લાખની છેતરપીંડી

## ૧૫૦ રીંગ રોડ પર ઋષિકેશ એક્ઝોટિકામાં રહેતાં ભરતભાઇ ગજેરાની કુવાડવા પોલીસમાં ફરિયાદ : જુના કારગર મારત સંપર્ક કરી સંજયએ લેબર પુરા પાડવાનું કામ સંભાળી વિશ્વાસ જીત્યોઃ પછી ટ્રેડીંગનું કામ સંભાળી ૭૧.૬૬ લાખના દાગીના લઇ ગયોઃ વેંચાણ કરી ૧૬.૨૦ લાખ ચુકવ્યા બાકીના રૂપિયાનો ધૂંબો માર્યો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રહેતા અને નવાગામ આણંદપર પાસે ચાંદીનું કારખાનું ધરાવતા વેપારી સાથે લેબર કોન્ટ્રાક્ટનું કામ સંભાળનારા મેહુલનગરના શખ્સે રૂા. ૫૫.૪૬ લાખની છેતરપિંડી કરી છે. લેબર કોન્ટ્રાક્ટ તરીકે કામ શરૂ કરનાર શખ્સે શરૂઆતમાં પ્રમાણીકતાથી કામ કરી વેપારીનો વિશ્વાસ જીતી લીધા બાદ લાખો રૂપિયાના ચાંદીના દાગીના મેળવી લઇ અડધા કરોડની ઠગાઇ કરી લીધી છે. આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે ૧૫૦ રીંગ રોડ પર ઋષિકેશ એક્ઝોટિકા ઇમ્પીરીયલ હાઇટ્સની સામે રહેતાં અને નવાગામ આણંદપરમાં સાગર ઇન્ડસ્ટ્રીયલ ઝોનમાં બી. ડી. ગજેરા નામે બે વર્ષથી ચાંદીનું કારખાનુ ચલાવતાં ભરતભાઇ દિનેશભાઇ ગજેરા (ઉ.વ.૪૫)ની ફરિયાદ પરથી કોઠારીયા રોડ સોરઠીયાવાડી સર્કલ મેહુલનગર-૧૦માં રહેતાં લેબર કોન્ટ્રાકટ્ર સંજય બારોટ વિરૂધ્ધ રૂા. ૫૫,૪૬,૫૪૦ની ઠગાઇનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભરતભાઇ ગજેરાએ નોંધાવેલી ફરિયાદની વિગતો મુજબ આઠ મહિના પહેલા તેમના જૂના કારીગર નીરજ બંગાળી મારફતે મેહુલનગરના સંજયબારોટ સાથે તેમની મુલાકાત થઈ હતી. સંજયએ કારખાનામાં લેબર પુરા પાડવાનું કામ સંભાળ્યું હતું. તેનું મુખ્ય કામ કારખાનામાં કામ કરતાં માણસોને જે કાચુ ચાંદી આપવામાં આવે તેમાં લેબર દ્વારા સંજય ચાંદીના દાગીના બનાવડાવી ફાઇલીંગ અને બફ કામ કરાવી તૈયાર દાગીના કારખાનામાં જમા કરાવવાનું હતું. એ પછી દાગીના પેક કરી ઓલ ઇન્ડિયામાં માર્કેટીંગ સેલ કરવામાં આવતાં હતાં. શરૂઆતમાં સંજયએ આ કામ પ્રમાણીકતાથી કરીને ભરતભાઇનો શ્વિાસ જીતી લીધો હતો. સંજય બારોટની નિયમિતતા જોઈને ભરતભાઇએ તેને તૈયાર દાગીનાના ટ્રેડિંગનું કામ પણ સોંપ્યું હતું. જૂન-૨૦૨૫ દરમિયાન સંજયે ૩૪ કિલો તૈયાર દાગીનાનું વેચાણ કરી તેનું પેમેન્ટ રોકડમાં ચૂકવી દીધું હતું. પણ ત્યારબાદ નવેમ્બર મહિનામાં ખેલ શરૂ થયો હતો.

સંજયે ૧૫ નવેમ્બરથી ૨૪ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન કટકે-કટકે આશરે ૩૮ કિલો ૧૩૧ ગ્રામ તૈયાર ચાંદીના દાગીના જેની કિંમત રૂપિયા ૭૧,૬૬,૫૪૦ હતી તે વેચાણ કરવા માટે લીધા હતા. આ માલના બદલામાં સંજયે ડિસેમ્બર સુધીમાં માત્ર ૧૬.૨૦ લાખ રૂપિયા ચુકવ્યા હતા. બાકી નીકળતા રૂપિયા ૫૫,૪૬,૫૪૦ આપવાને બદલે સંજય ઉલટો વધુ માલ માંગવા લાગ્યો હતો. વેપારીએ બાકી રકમની કડક ઉઘરાણી કરતા સંજયે સંતોષકારક જવાબ આપવાનું બંધ કરી દીધું હતું. અંતે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા ભરતભાઈએ કુવાડવા રોડ પોલીસમાં સંજયને ચાંદીના દાગીના આપ્યા હતાં તેનું લેઝર સ્ટેટમેન્ટ અને બિલના પુરાવા સાથે ફરિયાદ નોંધાવી છે. ભરતભાઇના જણાવ્યા મુજબ તેમને ઓલ ઈન્ડિયામાં બિઝનેસ હોવાથી સતત બહાર રહેવાનું થતું હતું. જેના કારણે ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો. હવે એફઆઇઆર દાખલ કરાવતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના પીઆઇ બી. પી. રજયાની રાહબરીમાં પીએસઆઇ બી.વી. ભગોરાએ આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કાલાવડ રોડ પર MTV હોટેલ પાસેથી રૂ.૬.૫૦ લાખના માદક પદાર્થ સાથે બેલડી ઝડપાઈ

## મધ્યપ્રદેશના શ્રમિક પાસેથી અફીણ મંગાવી ગ્રાહકની શોધમાં રહેલ ચાંદલી ગામના પરેશ ગોલતર અને અંકુર રામાણીની ધરપકડ : ૧૩૦૦ ગ્રામ અફીણ સહિત રૂ.૭.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર એમટીવી રિસોર્ટ નજીક એસઓજીની ટીમે દરોડો પાડી ચાંદલી ગામના બે શખ્સોની રૂ. ૬.૫૦ લાખના અફીણ સાથે ધરપકડ કરી હતી. જ્યારે મધ્યપ્રદેશથી અફીણનો જથ્થો લાવી બંને શખ્સોને આપનાર શ્રમિકની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

આ બનાવ અંગેની વિગત અનુસાર ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા શહેરી વિસ્તારમાં યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા તથા નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા સે નો ટુ ડ્રગ્સ મિશન અંતર્ગત નાર્કોટિક્સ પદાર્થોની હેરાફેરી અને વેપલો કરતા શખ્સો વિરુદ્ધ કાર્યવાહી કરવાની આપેલ સૂચનાથી એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઇ વી વી ધ્રાંગુ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં.

તે દરમિયાન એએસઆઇ ઇન્દ્રસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમારને મળેલી બાતમીના આધારે કાલાવડ રોડ પર મોટલ ધ વિલેજ રિસોર્ટ નજીક પાસેથી રૂ.૬.૫૦ લાખની કિંમતના ૧૩૦૦ ગ્રામ અફીણ સાથે પરેશ માંડાભાઈ ગોલતર (ઉવ ૨૪ રહે. ગૌશાળા પાછળ, ચાંદલી ગામ, લોધિકા) અને અંકુર ધીરજભાઈ રામાણી (ઉવ ૨૮ રહે. ખોડીયાર મંદિર પાસે, ચાંદલી ગામ, લોધિકા)ની ધરપકડ કરવામાં આવી હતી.ઝડપાયેલા બંને શખ્સોની પૂછપરછમાં તેમણે કબૂલાત આપી હતી કે, તેમણે ચાંદલી ગામ ખાતે છેલ્લા ૧૫ વર્ષથી વાડી વિસ્તારમાં રહી ખેત મજૂરી કરતા પ્રકાશ નામના શખ્સ પાસેથી અફીણનો જથ્થો મેળવ્યો હતો.

અને હાલ તેઓ ગ્રાહકની શોધમાં જ રાજકોટ આવ્યા હતા પરંતુ તેઓ અફીણનો વેપલો કરે તે પૂર્વે જ એસઓજીની ટીમે બંનેને દબોચી લીધા હતા અને અફીણ, એક્ટિવા સ્કૂટર અને મોબાઈલ મળી કુલ રૂ. ૭.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. હાલ પોલિસેં અફીણનો સપ્લાયર એમપીના પ્રકાશની શોધખોળ શરૂ રાખી છે. ઉલ્લેખનીય છે કે, પોલિસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર રાજકોટ શહેરી વિસ્તારમાંથી છેલ્લા ૧૦ વર્ષમાં પ્રથમવાર અફીણનો જથ્થો ઝડપાયો છે.

# રાજકોટ મહાપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં ૪૭૦ કરોડના વિકાસ કામોને મંજૂરી

## ચૂંટણી પહેલાંની સંભવત અંતિમ બેઠકમાં ૧૧૫ દરખાસ્ત મુકાઈ જેમાંથી ૬ દરખાસ્તો ફગાવાઈ




તસવીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષતામાં મળી હતી. મહાપાલિકાની ચૂંટણી આ વર્ષે યોજાવાની છે તે પહેલાં સંભવત આ બેઠક અંતિમ હોવાનું અનુમાન થઈ રહ્યું છે. આ જંબો બેઠકમાં કુલ ૧૧૫ દરખાસ્ત રજૂ થઈ હતી. તેમાંથી મહત્તમ દરખાસ્તોને મંજૂરી અપાઈ હતી.

આ મળેલી બેઠકમાં કુલ ૪૭૦.૭૪ કરોડના વિકાસ કામોને મંજૂરી અપાઈ હતી. આ બેઠકમાં કુલ ૬ દરખાસ્ત રિટેન્ડર કરાઈ હતી. જયારે બે દરખાસ્ત નામંજૂર કરાઈ હતી. એક દરખાસ્ત વધુ વિચારણા અર્થે પેન્ડીંગ રખાઈ હતી. તે દરખાસ્ત રિટેન્ડર કરાઈ હતી તેમાં આજી નદી પર ભગવતીપરા પાસે બેઠુ નાલુ બનાવવાની દરખાસ્ત, વોર્ડ નં.૪માં ઓમપાર્ક મેઈન રોડ પર બ્રિજ બનાવવાની કામની દરખાસ્ત, સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં જુદા જુદા બાગ બગીચાઓને જાળવણી કરવાનું કામ, એ જ રીતે ઈસ્ટ ઝોનમાં બગીચાઓની જાળવણી કરવાની કામ, વોર્ડ નં.૮માં કાલાવડ રોડ પર ડીઆઈ પાઈપ લાઈનનું કામ તેમજ વોર્ડ નં.૮માં ડીઆઈ પાઈપ લાઈન નાંખવાનું કામ રિટેન્ડર કરવામાં આવ્યું છે.

વધુમાં જે કામોને મંજૂરી અપાઈ છે તેમાં જુદા જુદા વોર્ડમાં ડિઝાઈન રોડ તથા કાર્પેટ કરવાનું કામ, જયુબેલી શાક માર્કેટનું નવીનીકરણ કરવાનું કામ, નાણાંવટી ચોકમાં નવી વોર્ડ ઓફિસ બનાવવા માટેનો ૨.૯૭ કરોડનો ખર્ચ મંજૂર કરાયો હતો તેમજ વોર્ડ નં.૧૦માં પણ નવી વોર્ડ ઓફિસ તથા રોશની શાખાનો સ્ટોર બનાવવાના કામ માટે ૧.૬૬ કરોડ મંજૂર કરાયા હતાં. આજની બેઠકમાં સ્ટેન્ડીંગ કમિટીના સભ્યો, જુદી જુદી શાખાના અધિકારીઓ ઉપસ્તિત રહ્યા હતા.

# રાજકોટ કોર્ટને વધુ એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ તંત્ર થયું દોડતું

## બોમ્બ સ્કોવડ, ડોગ સ્કોવડ અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ કોર્ટ પરિષરમાં દોડી જઇ તપાસ શરૂ કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

અગાઉ અમદાવાદની ૨૫ જેટલી સ્કૂલ તથા વેરાવળ અને રાજકોટ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ આજે ફરીવાર વડોદરા અને રાજકોટ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા તંત્રમાં દોડધામ મચી ગઇ હતી. આ ઘટનાના પગલે પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસની તપાસ દરમ્યાન કંઇજ મળી ન આવતા રાહતનો દમ લીધો હતો.

આ અંગે રાજકોટ શહેર પોલીસના ઉચ્ચ અધિકારી સાથે ટેલીફોનીક વાતચીત કરતા જાણવા મળ્યું હતું કે, આજે સવારે વડોદરાની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યાની સાથેસાથે રાજકોટ જામનગર રોડ પર ઘંટેશ્વર નજીક આવેલી રાજકોટ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યો ઈમેઇલ મળ્યો હતો. જેના પગલે પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઉપરોકત સ્થળે દોડી ગયા હતા. પોલીસની ડોગ સ્કોવડ અને બોમ્બ સ્કોવડ તથા એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ સહિતના પોલીસ સ્ટાફે કોર્ટના તમામ માળ ઉપર તપાસ શરૂ કરી હતી અને કોર્ટ પરિષર ખાલી કરાવવામાં આવ્યો હતો. કલાકો સુધી તપાસ કર્યા બાદ કંઇપણ વાંધાજનક ચીજ-વસ્તુ નહીં મળી આવતા પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. આ ઘટના અગાઉ પણ સર્જાઇ હતી અને અમદાવાદની સ્કૂલો સાથે વેરાવળ અને રાજકોટ કોર્ટને પણ અગાઉ ધમકી ભર્યા મેસેજ મળ્યા હતા.